

વર્ષ ૩ અંક ૮

શ્રીરમા

એકાદશી વ્રત

આસો વદ

૧૧, ૨૦૬૬

અનુક્રમણિકા

શ્રીગોકુલેશ પાઠશાળા

તાત તણો પ્રતિબિંબ રે રસના



राग कान्हरो

आगम जन्म महोत्सव के यह, आई सुभग दिवारी ;

रचना विविध भाँति मङ्गल सुभ, दीपक ज्योति उजियारी ।।१ ।।

भक्तनके आनन्द बाढ़्यो अरु, सोभा प्रकट भई जु हमारी ;

कहे वल्लभदास वल्लभ बानिक पर, तन मन प्रान करो बलिहारी ।। २ ।।

।। શ્રીગોકુલેશો જયતિ ।।

તાત તણો પ્રતિબિંબ રે રસના

નિવેદન

શ્રીગોકુલકો નાથ, શ્રીવ્રજમેં કરત વિહાર;

નિજ-જન કૌ વરન કારન, લિયૌ ભૂતલ પ્રાકટ્ય ઉપહાર. ૧

શ્રીગોકુલેશ હી એક નામ, જૌ સુખ દૈ સદા અપાર;

ઐસૈ સુખ સાગર શ્રીરાયજું, રાખૈ સદા શ્રીચરણ નિરાધાર. ૨

પુરાણ કિયો પ્રકાશ, યહ સ્વરૂપ કરૈ શ્રીવ્રજ વાસ;

દાસગોપાલ કૈ શ્રીરાયપ્રભુ, રાખૌ શ્રીચરણ પાસ નિર્ધાર. ૩

સેવા અને કથા એ પુષ્ટિમાર્ગનાં બે અંગ છે. તે બે અંગો દ્વારા વૈષ્ણવી જીવન ઘડવાનો આદેશ આપણા શ્રીમહાપ્રભુ, ઉભય શ્રીપ્રભુચરણ શ્રીગોપીનાથજી-શ્રીવિઠ્ઠલનાથજી, શ્રીસપ્તાચાર્યોએ આપ્યો છે. અને વિશેષ રૂપે શ્રીસપ્તાચાર્યોમાં શ્રીચતુર્થકુમાર સર્વદા સેવ્ય દાદાજી શ્રીગોકુલેશ પ્રભુચરણે જે ઉપદેશ પ્રદાન કર્યો, તે ઉપદેશ ગોકુલદાસભાઈએ સેવા પ્રકાર, ગોપાલદાસભાઈએ સંયોગ અને વિયોગ અવસ્થામાં પ્રભુના ગુણગાન અને ભાવપોષક રસમય સાહિત્ય ધોળ પદ મંગલ વગેરે વિસ્તારથી પ્રગટ કર્યું છે. આ પાવન સાહિત્ય સુધાકરનાં દર્શન પ્રભુ પ્રેમ-ભરિત ભક્તોનાં હૃદયકમલ ખિલવે છે અને તે રસમાં તરબોળ બનાવે છે.

એવા અનેક શ્રીગોકુલેશ પ્રભુના અનન્ય ભક્તો છે, જેમને શ્રીમહાપ્રભુના માર્ગના યથાર્થ બોધને પદ્યાત્મક શૈલીમાં પ્રગટ કરી છે. આ પદો ગુર્જર ભાષામાં છે, વ્રજભાષા અને દેવવાણી સંસ્કૃતમાં પણ પ્રગટ કરેલ છે. તેમાં અષ્ટસખાઓ, રાજા આશ્કરણજી, મઠપતિ કલ્યાણ ભટ્ટજી, મહાવદાસભાઈ, હરિદાસભાઈ, ગોપાલદાસભાઈ વ્યારાવાળા, વિષ્ણુદાસ, ગોકુલદાસ નાગર, તારાચંદભાઈ, રૂપાંબાઈ, જાગરીદાસ, પદ્મનાભદાસ, ભગવાનદાસ, માણેકચંદ, મુરારિદાસ, રામકૃષ્ણ, શ્રીવિઠ્ઠલ, શ્યામદાસ, સગુણદાસ, ગંગાબાઈ, પ્રેમદાસ, ચંદ, જીવન, જગત, ભીરદાસ, ભાનુસુતા, પ્રાણવલ્લભ, પ્રભુદાસ, વૃન્દાવનચંદ, મોહન, તુલસી, દયાલદાસ, નરેશ, વનમાલીદાસ, કિશોરદાસ, કિંકરીદાસ, ગહરગોપાલ, ગોપાલદાસભાઈ રૂપપરાના, ગોમતીબેન, ચતુરવિહારી, જમુનાદાસ, જગજીવનદાસ, વગેરે વગેરે.

આમ અનેક અનેક ભક્તો શ્રીચતુર્થકુમાર શ્રીગોકુલેશ પ્રભુની શરણાગત પ્રાપ્ત કરી અને પછી આપશ્રીના સ્વરૂપમાં વિશેષ આસક્તિ થઈ. જે અનુભવ પ્રાપ્ત થયો, જે વચનામૃતોનું શ્રવણ પ્રાપ્ત કર્યું, તેનું વિશેષ વર્ણન આવા અનેક ભક્તોએ પોતાના દ્વારા રચિત પદ્યોમાં કરી છે. જેનું રસપાન અદ્ય પર્યંત આપણા જેવા આધુનિકી ભક્તો કરી રહ્યાં છીએ, અને એ સ્વરૂપને પામવા પ્રયાસ કરી રહ્યાં છીએ. આ ભક્તો બાર માસમાં આવનાર સનાતન ધર્મના ઉત્સવોને પણ પોતાના પદ્યોમાં વર્ણિત કર્યાં છે. આઓ, આપણે પણ આ ભક્તો દ્વારા રચિત પદોને ધનતેરસ, રૂપચતુર્દશી, દીપમાલિકા, ગોવર્ધનપૂજાના પદો દ્વારા શ્રીગોકુલેશ પ્રભુએ કરેલ પ્રકારના દર્શન કરીએ.

ધનતેરસનું પદ :- राग सारंग :- धनतेरस दिन अति सुखदाई; भक्त मन अति मोद बाढ्यो है महानिधि पाई ।। १ ।। राखत प्रीति सहित हृदयमें लोकलाज सब बहाई; वृन्दावनको चंद श्रीवल्लभलाल निरखि निरखि सुखपाइ ।। २ ।।

૩૫ચતુર્દશીનું પદ :- **राग रामकलि :- पाछली राते भक्त सबे मिलि आवे; मानत पर्व रूपचतुर्दशीकें आनन्द मङ्गल गावे ।। १ ।। करि तिलक श्रीवल्लभको नाना भाँति उबटनो करावे; सीत उरन जल समोयके श्रीअङ्ग पर ढ़रकावे ।। २ ।। श्रीमहाप्रभुकी सोभा देखि के मन हरखावे; वस्त्राभूषन नानाभाँति वागो लाल जरी धरावे ।। ३ ।। धोतीउपरेना धरि के भक्तन मन मोद बढ़ावे; वृन्दावनचंदको निरखि निरखि वल्लभदास बल जावे ।। ४ ।।**

દીપમાલિકાનું પદ :- राग कान्हरो :- **जगमगात दीप्ति दिव्य दीपमालिका; मानो कोटिरवि कोटिचंद छबि विमल भइ निसिकालिका ।। १ ।। गजमोतिनके चोक पुराये बिचबिच वज्रप्रवाल; गोकुल सकल चित्रमणिमण्डित सोभित झाकझकाल ।। २ ।। पहर सिंगार भक्त जू चले मंदिर सकल नरनार; झलमल दीप समीप सोंजभर कर लीये कंचनथार ।। ३ ।। बेठे गादी तकिया प्रिय चहुंदिस भक्तअलिमाल; वचनामृत सींचत हसत हसावत भक्तनको दे दे करताल ।। ४ ।। रङ्गमहलमें आनन्द बाढ्यो अति देखत परम रसाल; वल्लभदास प्रभुकी सोभा देखि देत तन मन धन वार ।। ५ ।।**

ગાય ખિલાયવેનું પદ :- राग सारंग :- **खरिक खिलावन, आये गायन; बछूरा लीये गोंद करि ग्वालन, अपने अपने गायन ।। १ ।। रांभति धाइ देखि खीलवारनी, हरख बढ्यो उर न मायन; वृन्दावन वल्लभ सोभा अति बाढ़ी कोटिक भायन ।। २ ।।**

શ્રીગોવર્ધન પૂજાનું પદ :- राग सारंग :- **हरिदासवर्य अति सुखदाइ; करे पूजा विविधसुं श्रीवल्लभराइ ।। १ ।। गंगाजल ओर दूधसों न्हवावे सोभा अधिकाइ; चंदन चढ़ाय विविध वसन पहेराइ ।। २ ।। धूप दीप करि आरती बहु भोग धराई; तिलक कीयो बीरा दीयो माला पहेराई ।। ३ ।। यह सुख देख फूली अङ्ग न समाइ; वल्लभदास प्रभु भक्तनकी लाज बढ़ाई ।। ४ ।।**

શ્રીયમુનાજીનું પદ :- राग सारंग :- **जयति यमुना जीवन रूप वल्लभरङ्गनी, मदन केल रसनुं रेल मोहन प्रेमनी ।। १ ।। गोकुललीलारसरसिला भक्त सङ्गनी, प्रीतकरण रसदान प्रेमपान स्नेहदायिनी ।। २ ।। नित्य आश चरणपास मुखविलासनी, हरिदास पूरण आश तुम समीपवासिनी ।। ३ ।।**

આ પદો દ્વારા સર્વે શ્રીગોકુલેશચરણશરણાનુરાગી સેવકજનોને ઉત્સવોની વધાઈ. સાથેજ ગુર્જર વર્ષ સં.૨૦૬૭ના પ્રારંભ એટલે કે નૂતન વર્ષની પણ વધાઈ. અને શ્રીચતુર્થપીઠના ઉદીયમાનપીઠાધીશ પૂજ્યચરણ ગોસ્વામી શ્રીવિઠ્ઠલરાયજી બાવાશ્રીના જન્મદિવસ (સં.૨૦૩૧)ની અનેકાનેક વધાઈ.

राग आसावरी :- किये सब मङ्गल भाँति नयी।। आवत गृह गृह तें सुन्दरि मिलि, अति रस मग्न भई ।। १ ।। भूखन वसन सिंगार नये रुचि, रचि विध रुचिर ठाई ।। आनन्द उर न समाजत उमड़ी रस, राजत रङ्ग मई ।। २ ।। केसर कलश थार आरती कर, शोभा रही छई ।। हेम रजत के फूल सुभग, मुक्ता भरि गोद लई ।। ३ ।। शत शाखा भये नव पल्लव फूल जई, रुक्मिनीलाल लाड़ीले वल्लभ, निरखी अशीश दई ।। ४ ।।

સૌભાગ્ય પંચમી, આગમોત્સવ-મહોત્સવના પ્રારંભની, શ્રીગોપાષ્ટમી, અક્ષય નવમીની સૌને અનેકાનેક વધાઈ.

राग बिभास :- आयो आयो आनंद रंगरंग सुन्यो रुक्मिनी सुत आयो ।। जुवतिनके मन में व्हेरहे हँसि हँसि मंगल गायो ।। १ ।। सब सुरति संग लगाये प्रफुल्लित मुख निरखी हीये हाव भाव कटाक्ष कीयो मनको भायो ।। वृंदावनचंद श्रीवल्लभ रसही रसमें काम अनेक लाड लडायो ।। २ ।।

ભાવક :- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

।। શ્રીગોકુલેશો જયતિ ।।

ટિપ્પણી

વિક્રમ સંવત્ ૨૦૬૬ આસો વદ પક્ષ ૧૧ થી વિક્રમ સંવત્ ૨૦૬૭ કારતક સુદ પક્ષ ૧૦ (ગુર્જર માસ)

નવેમ્બર ૨, ૨૦૧૦ થી નવેમ્બર ૧૭, ૨૦૧૦

મિતિ	વાર	તારીખ	શ્રીવાલ્લભ શ્રીચતુર્થગૃહના ઉત્સવ
૧૧ - આસો વદ	મંગળ	નવેમ્બર-૨	શ્રીરમા એકાદશી વ્રત
૧૨	બુધ	૩	
૧૩	ગુરુ	૪	ધનતેરસ - હટરી
૧૪	શુક્ર	૫	રૂપચતુર્દશી અને દીપોત્સવ - કાનજગાઇ - હટરી
૩૦	શનિ	૬	શ્રીગોવર્ધન પૂજન - અન્નકૂટોત્સવ
૧-૨ - કારતક સુદ	રવિ	૭	ગુર્જર વર્ષ (૨૦૬૭)નો પ્રારંભ. ગાદીપતિ શ્રીગોકુલનાથ પ્રભુચરણની કૃપાથી આજથી શરૂ થવા વાળો નૂતનવર્ષમાં શ્રીમહાપ્રભુના સિદ્ધાંતની દૃઢતા સહિત પુષ્ટિમાર્ગમાં આપ સર્વ નિરંતર વૃદ્ધિ પ્રાપ્ત કરો, એવી સમસ્ત શુભકામના. ભાઇ બીજ શ્રીચતુર્થપીઠના ઉદીયમાનપીઠાધીશ ચિ. શ્રીવિટ્ઠલરાયજીનો જન્મદિવસ (સં.૨૦૩૧)
૩	સોમ	૮	
૪	મંગળ	૯	
૫	બુધ	૧૦	સૌભાગ્ય પંચમી (લાભ પાંચમ)
૬	ગુરુ	૧૧	
૬	શુક્ર	૧૨	
૭	શનિ	૧૩	આગમોત્સવ - મહોત્સવનો પ્રારંભ
૮	રવિ	૧૪	શ્રીગોપાષ્ટમી
૯	સોમ	૧૫	અક્ષય નવમી, સત્યયુગનો પ્રથમ દિવસ
૧૦	મંગળ	૧૬	

જેમ ભગવાનમાં સ્નેહ મુક્તિ કરાવે છે તેમ સત્સંગ મોક્ષનું દ્વાર છે.

(શ્રીસુબોધિનીજી ૩.૨૫.૨૦)

શ્રીવાલ્લભ સિદ્ધાંતનિષ્ઠ શ્રીચતુર્થપીઠ તરફથી પ્રકાશિત ટિપ્પણીને આધારે આ પખવાડીક ટિપ્પણી.

નોંધ :- શ્રીગોકુલેશચરણશરણાનુરાગી સેવક સમાજ માટે વર્ષભર આવનાર ઉત્સવ માટે કેવળ આજ ટિપ્પણી માન્ય રાખવી, એ આપણું કર્તવ્ય છે. અને આ ટિપ્પણી પ્રમાણે ઉત્સવ મનાવવાં. ટિપ્પણી તે પીઠનો આદેશ સમાન મુખપત્ર છે.

।। શ્રીગોકુલેશો જયતિ ।।

શ્રીગોકુલેશ સ્વરૂપ દર્શન

શ્રીગોકુલેશ પ્રભુનો વિવાહ-ઉત્સવ

...ગતાંકથી આગળ

સ્વરૂપ અપેક્ષિત રસ તે રસેભર્યા પાત્ર છે એ,

તેને કરું હું પ્રણામ જેમાંહે હિત માત્ર છે એ.

શાસ્ત્રકાર કહે છે કે શ્રીપ્રભુ **રસો વૈ સઃ**, રસાત્મક છે, તેથી ભક્ત પાસે રસની તેમને અપેક્ષા છે. એવાજ રસના દાતા સર્વદા સેવ્ય શ્રીગોકુલેશ પ્રભુચરણનો વિવાહ ઓચ્છવ જે રીતે ભક્તો પ્રેમથી દર વર્ષે ઉજવે છે, તે વિલક્ષણ છે. તેથી આ વિવાહમાં એવું અભિનવું કયું તત્વ રહ્યું છે તે સમજવા જેવું છે.

વિ.સં.૧૬૨૨ના ભાદરવા વદ ૨ના (ગુજરાતી શ્રા.વ.૨) ગઢેથી પધારી શ્રીગોકુલ પ્રવેશ કર્યો છે. શ્રીગોકુલેશ પ્રભુચરણ શ્રીગોકુલ પધારે છે, તે શુભ સમાચાર સાંભળી સર્વે સમાજને, સ્થાવર-જંગમ, અતિશય આનંદ થયો છે. આગ્રા, મથુરાદિ ગામોના વૈષ્ણવો સાથે આપનો મહાવનના ચૌધરીઓએ બહુ સત્કાર કર્યો-વાજિંત્ર વગાડ્યા ને વરણાગી કાઢીને પધરાવ્યા. શ્રીગોકુલ-વ્રજ શ્રીપ્રભુનું ક્રીડાંગણ છે, એટલે વૈષ્ણવોનું એ પ્રિય આત્મધામ, આથી શ્રીગોકુલ વસવાનું મન કોને ન થાય ? તેમાં શ્રીગોકુલપતિ શ્રીગોકુલનો પ્રેમ નિરખી પ્રેમવશ થકી તેના વિરહ તાપ શમન માટે પધાર્યા. તેથી ભક્ત કવિ કહે છે :

સર્વના ઈશ્વર આત્મા અંતરજામી એહ,
સ્નેહ તણે રસવશ અતિ પોતે હોએ જ્યાંહાં નેહ . ૨૧. ૫

શ્રીગોકુલ, શ્રીગોવર્ધન, વન, ઉપવન, યમુનાજી વગેરે આજ દિવસ સુધી આધિભૌતિક રૂપે બિરાજતા હતા. હવે શ્રીગોકુલેશ પ્રભુ પધાર્યા તેથી આ બધી લીલાની સામગ્રી આધિદૈવિક સ્વરૂપે સેવા કરવા પધારે છે. પ્રભુ પધાર્યા જાણી શ્રીગોકુલ વગેરે સ્થળોમાં અતિ આનંદ પ્રગટ્યો.

સ્થલ રૂપે જે સ્થિર હતા તે ગોકુલ વ્રજને સંગ,
તે અતિસે સહુ હુલસીને ઉમગ્યા અંગોઅંગ. ૧૯
આધિદૈવિક સ્વરૂપે જે નિત્ય રહે પ્રભુને સંગ,
આધિભૌતિક સ્થળે આવ્યાનો અતિશય મનમાંહાં રંગ. ૨૫
શ્રીગોકુલ-ગોવર્ધન-વ્રજ-વન-ઉપવન નામ,
યમુનાજી સહિત સહુ પધારે નિજધામ. ૨૬

આમ ભૂમિ પરનાં સ્થળોમાં તેનું ભગવદ્‌સંબંધી આધિદૈવિક સ્વરૂપ બિરાજ્યું, કારણ કે ભૂમિ પર રહી આધિદૈવિકોને સેવા કરવાની હોંશ હતી. આથી શ્રીગોકુલની ભૂમી નિર્દોષ બની વૈકુંઠ કરતાં અધિકતર થઇ. સકલ સૃષ્ટિના કર્તા બ્રહ્મા છે પરંતુ આ શ્રીગોકુલ એ સૃષ્ટિ માંહેંનું નથી. અને તે તો નિત્ય છે. બ્રહ્માની સૃષ્ટિ કાળને આધીન છે. અને તે સૃષ્ટિને માયાનો સંગ છે અને તેથી પ્રપંચવાળી છે. જ્યારે આ શ્રીગોકુલ તો પ્રપંચ રહિત અને લૌકિક માયા કે કર્મથી અગમ્ય છે. વૈકુંઠથી પણ તેનો

મહિમા આધિક છે. જે સ્વાર્થી સૃષ્ટિ છે તેને સિંચન કરવા આવા શ્રીગોકુલમાં દુલેહરાય ઘોડા પર સવાર થઈને પધારી રહ્યાં છે. તેથી કવિ કહે છે કે પ્રભુ પધારવાથી વૃક્ષ હતાં તે નવ પલ્લવિત થયાં. સાથેજ શ્રીવ્રજમંડલનું સ્વરૂપ પણ સમજાવતાં ભક્તિ કવિ ગોપાલદાસભાઇ વ્યારાવાળા કહે છે કે:

વૃક્ષ તે નવપલ્લવ હવાં પલ્લવ કુસુમ સમોહ,
કુસુમિત તે ફલયુત થયું ફળ હવાં રસ સંદોહ. ૭૪
મધ્ય દેશ તણું મધ્ય તે અવનિ ઉરસ્થલ ભક્ત,
તે પર વ્રજમંડલ કમલાકાર અવ્યક્ત. ૯૨
ત્યાંહાં બિરાજે નિરંતર જ્યોતિ તણો નહીં પાર,
રૂપ-વચન-લાવણ્યામૃતે દ્રવિત હોએ રસસાર. ૯૩
તે કલા જોઈ ભક્ત સમુદ્રને વાધે રંગ,
રસભર ઉર અતિ ઉલટે ને ઉલટે સરવાંગ. ૯૪
વનસ્પતિ-વન-અવનીય-ભક્તનાં ઇન્દ્રિયો-દેહ,
સ્વરૂપાનંદે રસેભરી આનંદિત કરે તેય. ૯૫

આ મુખ્ય રમણ સ્થળ શ્રીગોકુલની સમયની શોભા વર્ણન કરતા ભક્ત કવિશ્રી કહે છે કે શ્રીયમુનાજી અંતરંગ રસથી ભરપૂર થઇ સંપૂર્ણ શ્રૃંગાર કરી લહેરી રૂપે સન્મુખ થઇ શ્રીચરણસ્પર્શ કર્યા છે. બન્ને કીનારા જલથી ભરપૂર છે, અનેક કમળ ખીલ્યા છે. વળી સારસ, હંસ, ચકોર, ચકવાક વગેરે પક્ષીઓ ઉમંગથી પરસ્પર આલિંગન કરે છે. મંદ મંદ મેઘની ગર્જના થઇ રહી છે. બપૈયો પીયું પીયું કરી રહ્યો છે અને બગલાઓની હારમાળા ઉપર અંતરીક્ષમાં આમથી તેમ અને તેમથી આમ ચક્કર લગાવી રહી છે. ભૂમિએ જાણે લીલી સાડી પહેરી હોય તેમ બધે લીલોતરી છવાઇ રહી છે. વૃક્ષો નવપલ્લવિત થઇ રહ્યાં છે. અને ભમરાઓ ગુંજાર કરી રહ્યા છે. પવન પણ જાણે કે નમી નમીને પ્રણામ કરતો હોય તેમ વાયું ઢોળી રહ્યો છે. આમ સકલ પ્રકૃતિ પણ આનંદમય થઇ શ્રીગોકુલેશ પ્રભુનું સ્વાગત કરતા તત્પર ઊભી છે.

સર્વ શક્તિ સામર્થ સર્વ સેવાનું કોડ,
સન્મુખ સહુ ઊભા રહ્યા મોદ ભર્યા કર જોડ.
ચૌદ લોક બ્રહ્માંડ સકલ દસ દીસે પ્રચાર
વિસદ ક્યાં લગી કહીએ આનંદનો નહીં પાર.

શ્રીગોકુલેશ પ્રભુના પ્રાગટ્ય પહેલા શ્રીગોકુલમાં ફક્ત શ્રીયમુનાજી વહેતા હતા અને શ્રીગોકુલ એક આરણ્ય-જંગલ જેવું હતું. ખાસ વસ્તી નહોતી. પછી શ્રીઆચાર્યજી દર વરસે અહીં પધારી શ્રીગોકુલની સેવા યોગ્ય સજાવટ કરતાં હતા. આ સમયે ફક્ત ૫ જણા હિન્દુઓ જેમાં કેશવ નામે પિતા-પુત્ર અને તેમની પત્નીઓ ઉધા અને કમલા, તથા એક માલણ રહેતા હતાં. પછી તો શ્રીગોકુલની સમૃદ્ધિ ખૂભ ફૂલીફાલી તે બતાવવા શ્રીગોકુલેશ પ્રભુ સ્વમુખે આજ્ઞા કરે છે:

તે માટે શ્રીપ્રભુએ વચન મહાં સુખરાશ
હમારે આયે પાછે ભયો સબહીનકો ઇહાં વાસ.

શરૂઆતમાં ડેરા તંબું બાંધી સામગ્રી સિદ્ધ કરી શ્રીયમુનાજીને ભોગ સમર્પ્યો, તેનું કારણ શ્રીયમુનાજીમાં ઈર્ષા નથી અને શ્રીગોકુલેશ પ્રભુ સાથે જીવનું ઐક્ય સિદ્ધ કરે છે માટે તથા લીલા સમાજના પરમ વરેશ છે તેથી.

શ્રીગુસાંઇજીએ માર્ગ પ્રણિત કર્યો પ્રગટ પ્રતાપ
પ્રથમ શ્રીયમુનાજીને ભોગ સમર્પ્યો આપ.
લીલા સમાજ વિષે પ્રભુના લહી પરમ વરેશ,
ભાવ સપત્ની જનિત જેને કાંઇ નહીં ક્લેશ.
એતદ ભાવાપન્ન પરસ્પરે ઐક્ય અનુપ,
એહવું લઇ શ્રીગુસાંઇજીએ જમુનાજીનું રૂપ;
સેવાને સંગ જે કો કરે અનુસરે એહને કોય,
સ્વકીય સમાજે પરસ્પર ઐક્યતા તેનોને હોય.

શ્રીયમુનાજીનું આવું અલૌકિક સામર્થ જાણી પ્રથમ ભોગ સમર્પ્યો છે. ભોગ ધરાવતી વખતે મિસરીનો કાચનો કુપો તૂટી ગયો તેના કાચના ટુકડા કોઇ વૈષ્ણવે શ્રીયમુનાજીના કિનારે ફેંક્યા હતાં. આ જોઇ શ્રીગુસાંઇજી ધ્રુજી ઊઠ્યા અને તરતજ આપશ્રીએ ઊભા થઇ તે ટુકડા ભેગા કરી બીજી જગ્યાએ નાખ્યાં અને તે સેવક ઉપર કૃપા-રોષ કરી આજ્ઞા કરી કે તે શ્રીયમુનાજીનું સ્વરૂપ નથી જાણ્યુ તો પછી શ્રીવલ્લભના(સર્વદા સેવ્ય શ્રીગોકુલેશ પ્રભુ, જેમનું ઘરનું નામ શ્રીવલ્લભ છે) સ્વરૂપને કેમ જાણીશ ?

નોંધ:- આ ઉપરથી આપણે સૌએ પણ શિક્ષા લેવાની છે, કે જ્યારે આપણે મથુરા, શ્રીગોકુલ વગેરે શ્રીવ્રજભૂમીના દર્શને જઇએ ત્યારે કેટલો ગંદવાડ શ્રીયમુનાજીમાં નાંખીએ છીએ તેનો વિચાર કરવો જોઇએ, અને નેમ લેવો જોઇએ કે આપણે આવું ન કરીએ. શ્રીયમુનાજીને સ્વરૂપાત્મક ન જાણીએ અને કેવળ નદી તરીકે માનીએ તો પણ તેમાં ગંદકી કરવી ન જોઇએ. જો નદીઓ આ ભૂતલ ઉપર ન હોય તો જીવમાત્રનું જીવવું અશક્ય બની જાય, તેથી પણ નદી આપણી જીવાદોરી છે. આજકાલ ઘણા ખરા મૃત શરીરના ફૂલ (હાડકા) પણ શ્રીયમુનાજીમાં પધરાવા આવે છે. આનાથી ઘૃણાજનક બીજું કયું કાર્ય હોઇ શકે ?

ભોગ સરાવી શ્રીગુસાંઇજીએ શ્રીગોકુલેશ પ્રભુને પ્રસાદ લેવા બોલાવ્યા. શ્રીગોકુલેશ પ્રભુ સ્નાન નિમિત્તે શ્રીયમુનાજીને સ્પર્શ કરાવી તેનો પરિતાપ હરવા પધાર્યા છે. શ્રીયમુનાજી અને આપશ્રી ઉભયે સુખનો અનુભવ કર્યો. પછી શ્રીગોકુલપતિએ પ્રસાદ ગ્રહણ કર્યું. શ્રીગુસાંઇજી અને અન્ય પરિવારજનો સાથે સંવત ૧૬૨૨માં શ્રીગોકુલમાં વસવા આવ્યા તે પહેલાં શ્રીગોકુલ નિર્જન વન હતું. તેનું વર્ણન કરતાં શ્રીગોકુલેશ પ્રભુ આજ્ઞા કરે છે કે શ્રીમહાપ્રભુજી શ્રીગોકુલ પધારતા તેથી તેમના કોઠાની-ગાયોની સંભાળ રાખવા બેચાર માણસો રાખ્યા હતાં.

પ્રથમ ઈહાં ઈતને વસે ઓર કોઉ નહીં પાસ,
હમારે આયે પાછે ભયો સબહિનકોં યહાં વાસ.૧૨૧.

શ્રીપ્રભુ અને શ્રીયમુનાજીનાં સ્વરૂપ એકસરખાં છે, આથી જે કોઇ શ્રીયમુનાજીનું પય-પાન (સેવન) કરશે, તેમને ભગવાન અને ભક્તોનાં સ્વરૂપનું જ્ઞાન થશે.

સેવન સંગ જે કો કરે અનુસરે એહોને કોય,
સ્વકીય સમાજે પરસ્પર ઐક્યતા તેહને હોય. ૧૩૩

સ્વમાર્ગ સાધન એહ સ્વકીય જ્ઞાપન અર્થ,
પ્રભુએ સુરતી ઉપજાવે પોતાને સામર્થ. ૧૩૪

આ પ્રસંગને આપણે આગળ જોઇ આવ્યાં છીએ, છતાં વિવાહ-ઉત્સવનો આનંદ માણવો હોય તો પછી આ વિષયને ફરીથી આપણે માણીશું. પ્રભુની લીલામાં કેવળ આનંદ હોય છે. હવે જન્માષ્ટમી આવી, તે વખતે શ્રીગુસાંઇજી શ્રીગોકુલેશ પ્રભુની સાથે શ્રીગોવર્ધનમાં હતા, તેથી નન્દમહોત્સવ શ્રીગોકુલમાં શ્રીગિરધરજીએ કર્યો. તે વખતે મહાવનથી કેટલાક તે ઉત્સવ જોવા આવ્યા હતા, તેમને દહીંથી છીરક્યા, ત્યારે મોટો કજીયો થયો. શ્રીગુસાંઇજીના પરિવાર સાથે દ્વેષ કરવા લાગ્યા. હવે શ્રીગોવર્ધનથી શ્રીગુસાંઇજી અને શ્રીગોકુલેશ પ્રભુ સાથે પધાર્યા અને આ વાત જાણી ત્યારે બહુ સંતાપ પામ્યા. હવે આ લોકો અહીંયા ચોરી કરવા લાગ્યા. આથી શ્રીગુસાંઇજીને શ્રીગોકુલમાં વસવાનું માંડી વળ્યુ.

ત્યારે શ્રીગુસાંઇજીને એમ આવ્યું મનમાંહી,
બાલક સમ્રધ (સમૃદ્ધિ) સહિત રહેનો ઇહાં ઉચિત નાંહી. ૨૧૮
બડો નગર મથુરા હે તાહમોં જાય રહીયે,
સંમત કીધો એહ ક્લેશ કાહેકું સહીએ. ૨૧૯

ત્યારે મહાવનના ચૌધરીઓએ શ્રીગુસાંઇજીને મથુરા ન જવા બહું વિનવ્યા અને એ ચોર લોકોને દેશાધિપતિ પાસે શિક્ષા કરાવવાનું કહ્યું પણ શ્રીગુસાંઇજીએ આજ્ઞા કરી કે આટલી બધી ઝંઝટ અમારે નથી કરવી અને મથુરા રહેવા જવાનો નિર્ધાર કર્યો. આ તો લૌકિક કારણ હતું.

એ સ્વરૂપ તો દ્વિદલ રસ સ્વરૂપ આત્મિક સ્વરૂપ,
ગોકુલ પધારે ગોકુલને પ્રગટ્યો મોદ અનુપ. ૨૨૭
પણ આરત જનિત એહોને પ્રગટ્યો નહીં પરિતાપ,
આધિદૈવિક સ્વરૂપે સંગ હતું જે આપ. ૨૨૮
જ્યાંહાં લગી શ્રીગોકુલને જ તાપ નવ પ્રકટ થાએ,
તો એહો સમંધી પરિકરને એ રસ અનુભવ કેમ થાએ ? ૨૨૯
તે માટે ભક્તને જે શ્રીગોકુલને કાજ,
વિરહાનુભવ કરાવવા એ લીલા કરી મહારાજ. ૨૩૦
તાપાત્મિક સ્વરૂપ એ વિરહ કરી હોયે પ્રાપ્ય,
સાધનને નહીં સાધ્ય, નહીં માહાત્મ્ય નહીં જાપ્ય. ૨૩૪

અલૌકિક કારણ તો એ હતું કે શ્રીગોકુલેશ પ્રભુ શ્રીગોકુલ પધાર્યા તેથી શ્રીગોકુલને અતિસે મોદ થયો છે. પરંતુ આરતજનિત પરિતાપ થાય નહીં ત્યાં સુધી રસ અનુભવ ના થાય માટે તેને વિરહ કરાવવા મથુરા જવાનું નક્કી કર્યુ છે. મનમાં એમ આપણને આવે કે શ્રીગોકુલપતિના વચનામૃત છે કે *જહાં હમ, વહાં ગોકુલ*, તો શ્રીગોકુલ સાથે કેમ ન જાય ? વાત બરાબર છે, જ્યાં શ્રીગોકુલેશ પ્રભુ ત્યાં તો અવશ્ય શ્રીગોકુલ હોય જ. પણ મથુરા તો મુક્તિપુરી છે, તેથી શ્રીગોકુલ અહીં ન પધારે. મથુરા મર્યાદા છે અને શ્રીગોકુલ પુષ્ટિ સ્વરૂપ છે તેથી આ બન્નેનો કદી સંયોગ ના થાય અને તેથી શ્રીગોકુલ સાથે નથી પધાર્યું.

મુક્તિપુરી મધ્ય નાહીં પધારે આદી ને અંત,
મર્યાદાને પુષ્ટિ છુએ નહીં એ સિદ્ધાંત.
એ માટે મથુરામાં ગોકુલ નહીં પધાર્યું,
મુક્તિપુરીમાં ના આવ્યું મનમાં એહી વિચાર્યુ;
મુક્તિને અને વલી ભક્તિને નાંહીં કાંઇ રંચસંબંધ.
સાધન જે ફલ સિદ્ધ ત્યાં રસની નહીં ગંધ.

રસના અનેક પ્રકાર છે પરન્તુ પૂર્ણ રસાસ્વાદ તો ત્યારે જ થાય કે જ્યારે અસહ્ય વિપ્રયોગ થાય. આમ આ કારણ છે અને વળી બીજું કારણ એ છે કે શ્રીગોકુલલીલા રહસ્ય સ્થળ છે તેથી તેનું જ્ઞાન સિવાય બીજાને નથી થવા દેવું અને ત્રીજું કારણ એ પણ છે કે મુક્તિપુરી મથુરાનો પણ અભિલાષ પુરણ કરવો છે. આ બધા કારણથી હવે શ્રીગોકુલથી મથુરા નિવાસ માટેનું મુહૂર્ત લીધું છે.

આમ શ્રીગોકુલમાં ૮૪ દિવસ બિરાજી અને ૮૪ પ્રકારના ભાવવાળા ભક્તોને વિવિધ પ્રકારનું દાન કર્યું અને મથુરા જવા માટે મુહૂર્ત લીધું તો વિ.સં. ૧૬૨૩ને કારતક સુદ ૧૦ આવ્યું. પણ આ દિવસ શ્રીગુસાંઇજીને ઠીક ન લાગ્યો કારણકે તીર્થમાં જવાના દિવસે ઉપવાસ, બીજે દિવસે પ્રબોધની એકાદશીનો ઉપવાસ. આમ બે ઉપવાસ આવવાથી પ્રબોધિનીએ જવાનું નક્કી કર્યું. એટલે પછી કારતક સુદ ૧૧ના શ્રીગોકુલથી મથુરા જવા વિજય કર્યો. અને શ્રીગોકુલમાં રામદાસ નામના બ્રાહ્મણને મૂક્યા. આપણે જ્યારે સેવ્યને સાથે પધરાવીને બહારગામ જવાનું થાય ત્યારે આ બધો વિચાર કરીને પ્રવાસનું આયોજન કરવું જોઇએ.

મથુરામાં ૬ વરસ ૩ માસ અને ૧૧ દિવસ બિરાજી વિ.સં. ૧૬૨૯માં શ્રીગોકુલ દૃઢ વાસ કર્યો છે. આ ૬ વર્ષના મથુરા નિવાસ દરમ્યાન શ્રીગોકુલેશ પ્રભુનો વિવાહ ખૂબ ધામધૂમથી ઉજવાય છે. એ પ્રસંગનું પાન લગ્નના પહેલાના દોઢ (૧।।) વર્ષની મથુરા લીલાના દર્શન કરીએ.

હવે શ્રીગુસાંઇજી મથુરા નિવાસ કરવા પધારે છે તે વાત વૈષ્ણવોએ જાણી. તેમાંના એક કપૂરદાસ ક્ષત્રી વૈષ્ણવ બહુ ભલા હતા. તેમણે પોતાની હવેલીમાં સેવા માટેની સર્વ સગવડ કરાવી રાખી હતી. તે હવેલી શ્રીગુંસાઇજીને સમર્પી. વળી શ્રીગુસાંઈજીનો પરિવાર બહું મોટો, તેથી આપશ્રીએ કેટલીક જમીન વેચાતી લીધી અને આ વિશાળ જગ્યામાં એક પ્રકારની સગવડ કરવામાં આવી. હવે ૬ ભાઇઓ ઘોડેસ્વાર થઇ શ્રીગુસાંઈજી સાથે શ્રીગોકુલથી વિદાય થયા. આ વખતે પાલખીઓ, વાહિનીઓ, ગાયો-ઘોડા-ગોવાળો અને સમાજ ઘણો મોટો સાથે હતો. જ્યારે મથુરા નજીક પધાર્યા ત્યારે ઉજાગર ચોબે વગેરે તથા ચૌધરીઓ અનેક જનસમાજ આપશ્રીના સત્કાર માટે સામે આવ્યા. આ વખતનું ભવ્ય દૃશ્ય એક રાજાની જાન જેવું હતું.

હવે મથુરાનું ભવ્ય વર્ણન એવું અનિર્વચનીય છે. મથુરા મહાનગર છે. શોભીતા વિશ્રાંત ઘાટ છે. શ્રીકેશવરાયજીનું પ્રાચિન મંદિર છે. રાજમાર્ગો વિશાળ અને વચ્ચે વચ્ચે ચોક અને ચૌટા છે. જનસમૂહના મહાલયો પણ મોટા અને ઊંચા તથા અટાલી અને ઝરોખા વાળા છે. દરેક ઘર ઉપર ધ્વજા પતાકા લહેરાય છે. ઘરે ઘરે વાજીંત્રો વાગે છે. અને શ્રીકૃષ્ણજન્મ સ્થાનેથી ઘડીયાલ સમયે સમયે ડંકા વગાડી મથુરાવાસીઓને સમયનો ખ્યાલ આપે છે. નગરી આવી અદ્ભૂત તો છે, અને તેમાં વળી શ્રીગુસાંઇજી વૈભવ સાથે પધાર્યા તેથી તેની શોભા ઘણી વધી ગઇ.

મહાનગર નિરુપમ સુંદર સોહે શોભિતા ઘાટ વિશ્રાંતજી,
કેશવરાય જ્યાંહાં ત્યાંહાં રાજે, સદા આદિથી પ્રાંતજી. ૨૨.૫૨

ચોહો ફેર વિશાલ ચોક ચોહોટાં અને સુંદર ઉજ્જવલ ધામજી,
ચિત્ર વિચિત્ર અટાલી ઉંચી અતિશય સ્થલ વિશ્રામજી. ૨૨.૫૩
કામ ક્રોધ લોભ મોહ મચ્છર અહંકાર જે દોષજી,
એ છ્ય ઉરમાંહો બાધ(ન) કરે જ્યાંહાં એહો સ્થલ નિર્દોષજી. ૨૨.૫૫
જન્મસ્થલ ઘડીઆલુ બોલે કરે જગતને જાણજી,
આઠ પ્રકાર દાને ભરવા જે સુકૃત્ય તણાં નિશાણજી. ૨૨.૫૭
એહવી માહા મહિમાયુત મધુપુરી અનેક ગુણ આરાધજી,
ગોકુલપતિએ અલંકૃત કીધી તેથી શોભા વાધીજી. ૨૨.૫૮

આવી રમણીય મથુરાનગરી શ્રીગોકુલેશ પ્રભુના પધારવાથી અતિશય શોભા પામી. આ શોભા દેખી દેવો સાથે નારદજી, શુક શનકાદિક આશ્ચર્ય પામ્યા. હવે મથુરામાં સ્થિરવાસનો કરી શ્રીગુસાંઈજી ફરીથી શ્રીગોકુલેશ પ્રભુનો અભ્યાસ શરૂ કરાવ્યો. તેથી દક્ષિણના પંડિતરાજ શિવદત્તને ઘેર આપશ્રીને ભણવા જવા લાગ્યા. શ્રીગોકુલપતિ ગુરુને ઘરે ભણવા જવા લાગ્યા. અહીં ગુરુ ભણાવે તે આપશ્રી એકચિત્તે સાંભળે. પણ સાસ્ત્રમાં મન લાગે નહીં.

વલસો ત્યાંહાં શિવદત્ત ભટ્ટ દક્ષિણનો પંડિત રાજજી.
શ્રીગુસાંઈજીએ પ્રભુ પધરાવ્યા શાસ્ત્ર ભણવા કાજજી. ૨૨. ૭૦
મહાવિચિક્ષણ વલ્લભવર વહાલો ભટ્ટઘર ભણવા આવેજી,
આદરશું અતિ ઘણો હેત કરી શાસ્ત્ર સિદ્ધાંત ભણાવશેજી. ૭૧
ગુણનિધાન મહાપ્રભુએતણે મન શાસ્ત્ર વિષે રુચિ થોડીજી,
યથા માત્ર ભણે પોતે ગુરુ આગલ પોથી છોડીજી. ૭૨
વ્યાખ્યાન ભણીને વલીયા વેગે ઉમંગ અનુપમ ભરીયાજી,
સમાનવયે વિદ્યાર્થી સાથે લરિકામાંહાં પરવરિયાજી. ૭૩
પોથી પરમ સોહામણી શ્રીકર માંહાં સોહેજી,
લહેદાર બાંધણું અતલસી હોદ હાંસિયા જેહજી. ૭૪
નિવાર રેશમી અતિશય સુંદર સોહે પચરંગ ચિત્રજી,
બાંધી કોડ કરીઅ તેહ તે ફરતીય ભાંત્ય વિચિત્રજી. ૭૫

ઘરે આવીને તો શ્રીભાગવત જુએ છે. સાથના વિદ્યાર્થીએ આ વાત જોઇ અને ગુરુને કહ્યું કે શ્રીવલ્લભ તો ઘરે કાંઇ પાઠ નથી કરતા અને બીજું જ કાંઇ વાંચે છે. ગુરુએ પરીક્ષા લેવા શ્રીગોકુલેશ પ્રભુને પુછ્યું કે કાંઇ પાઠ બોલશો ? જ્યારે શ્રીગુસાંઇજી પુછશે ત્યારે શો ઉત્તર આપશો ? આપશ્રીએ ગુરુના પુછેલા સર્વ પ્રશ્નોના બરોબર ઉત્તર આપ્યા. ગુરુ ઉત્તર સાંભળીને ખૂશ થયા અને પેલા ચુગલખોર વિદ્યાર્થીઓ પર ખીજે છે અને કહે છે કે તમે લોકો જુઠુ બોલ્યા. શ્રીવલ્લભને તો બધા પાઠ આવડે છે.

અતિ પ્રસન્નતા સહિત ભણીય ને પોધારે એમ નિત્યજી,
આસપાસ બાલક તે મધ્યે ચાલતા શોભે અનંત્યજી. ૭૮

વલતા ભવન પધારી શ્રીભાગવતના ભાવ સંભારેજી,

વારંવાર રસ અનુસંધાને રસભર એજ વિચારેજી. ૮૫

બીજે સાથ તેણે લરિકે દીઠા એહ પ્રકારજી,

તેણે જઇ ગુરુની આગળ સહુ કહ્યું તે તેણી વારજી. ૮૬

તમારૂ ભણાવીઉ ભણતા નથી તે એક લગારજી,

બીજી પોથીએ પાઠ કરે છે પોતે ભવન મંઝારજી. ૮૭

તે સુણી ગુરુ મહાપ્રભુએ પુછ્યું કંઢ પાઠ કાંઇ લેસોજી,

શ્રીગુસાંઇજી પૂછે તે પછે ત્યારે શું કહેશોજી ? ૮૮

ક્યારે તેહને કંઠપાઠ કરી દેખાડ્યો સહુઅજી,

તે સુણી લરિકાને ખીજે ને આનંદ પામે બહુઅજી. ૮૯

વલતા તે એણી પેરે બોલ્યા ભણવાનું શું કહીએ જી,

નથી ભણતા તે તો અમો જાણું છું કારણને શું લહીએજી. ૯૧

અન્ય વિદ્યાર્થીઓ ચુગલી કરી, તેથી ગુરુને આશ્ચર્ય થાય છે, તેથી તે શ્રીગુસાંઈજીના ઘરે શ્રીવલ્લભના અભ્યાસ જોવા ગયા, જોઇ વિસ્મય પામ્યા શ્રીભાગવત ભણતાં જોયા. ગુરુનો ગર્વ ઓગળી ગયો અને શ્રીવલ્લભને દંડવત્ કર્યા. પછી શ્રીગુસાંઇજી પાસે આવીને દિનતાથી વિનંતી કરે છે કે વેદ, શાસ્ત્ર અને શ્રીભાગવતનું પ્રકટ સ્વરૂપ આ તમારો ભગવદ્-આત્મજ શ્રીવલ્લભ છે, તેને હું શું ભણાવું ? એમને અભ્યાસ કરાવવાનું કોઇનું સામર્થ્ય નથી.

શ્રીગુસાંઇજી તથા શ્રીશોભા બેટીજી આ સાંભળી ઘણાં પ્રસન્ન થયા, અને શ્રીગુસાંઇજી ત્યાં આજ્ઞા કરે છે કેઃ-

શ્રીમુખ વચન કહ્યાં છે *જબહમ પઢીયે મથુરા માંહાંજી,*

ઓર શાસ્ત્ર પઢીવે ઉપર હમહું રૂચી નાંહીજી. ૯૮

હમ શાસ્ત્ર પ્રકાર સહજહી આવડે નીકે કરીયજી,

હા-એક વેદ માત્ર હમ પઢી હે ઉપાધ્યાયપેં ચિત્ત ધરીયજી. ૯૯

શ્રીભાગવત હમ કાહુ પાસે પઢે નહીં એ નિરધારજી,

રઘુનાથે કહ્યોં કાકાયે પઢીયે આપુન એકવારજી. ૧૦૦

આમ કરતાં એક વાત જન્માષ્ટમીનો પ્રસંગ ફરી આવે છે. જે આપણે ગતાંકમાં જોઇ આવ્યાં છીએ. જ્યાં જન્માષ્ટમી નિર્ણય થયો. તે વિષય આપણે અત્રે ફરીથી લેતાં નથી. પણ તે પ્રસંગ પણ અવશ્ય મનનનીય છે. હવે આપણે ત્યાંથી આગળ લઇએ.

..ક્રમશઃ

સંયોજનઃ- શ્રીગોકુલેશજીનું જીવનચરિત્રમાંથી સાભાર

શ્રીગોકુલેશ વાક્સુધા

।। શ્રીસર્વોત્તમસ્તોત્રમ્ ।।

।। શ્રીગોકુલનાથજીની ટીકા સહિત ।।

...ગતાંકથી આગળ

ગયાં અંકમાં આપણે શ્રીગુસાંઈજી પ્રગટિત શ્રીમહાપ્રભુજીનું ચોવીસમાં નામ **हितकृत्-सताम्**[૨૪] વિષે સમજવાનો પ્રયાસ કર્યો. શ્રીમદ્ ભાગવતમાં દશમ્ સ્કંધમાં અલગ અલગ જગ્યાએ વલ્લભાખ્ય આ નામની પ્રતીતિ થાય છે. **हिताय च इच्छातनुभिः समीहसे (१०.२७.६), क्रीयते मे अनुशासनम् (१०.२७.१७)**

શ્રીગુસાંઈજી દ્વારા પ્રગટિત આ અલૌકિક નામોને સમજવું હોય તો શ્રીમદ્ ભાગવતના પ્રસંગોનું અનુસંધાન રાખવું જરૂરી છે. ગયા વખતે આપણે શ્રીમહાપ્રભુજીનું સ્વરૂપ સમજવાનો પ્રયાસ કર્યો. આપશ્રી અલૌકિક અગ્નિ સ્વરૂપ છે, તેથી શ્રીગુસાંઇજીએ શ્રીમહાપ્રભુજીનું ચોવીસમું નામ **हितकृत्-सताम्**[૨૪] પ્રગટ કર્યું.

શ્રીમહાપ્રભુજી બધાજ ભક્તોનું હિત કરવાવાળા છે. આવું આપણને શ્રીગુસાંઈજી પ્રગટીત ચોવીસમાં નામથી સમજાય છે.

આપના જેટલા સેવક છે તેઓ જે જે ભાવથી જેવા-જેવા મનોરથથી સેવા કરે છે, તેઓના સઘળાં મનોરથ સિદ્ધ કરી એમની સેવાનો અંગીકાર કરે છે. અને એમના મનોરથ પૂર્ણ કરવામાં ક્યારેય વિલંબ સહન નથી કરી શક્યા. તેથી બધાને પ્રીતિ જ થાય છે. આ બતાવવા માટે આ નામ પ્રગટ કર્યું.

હવે કોઈક શંકા કરે છે કે શ્રીમહાપ્રભુજીએ આપનું સ્વરૂપ, પુષ્ટિમાર્ગનું ફલ વગેરે બધું જ કહી બતાવ્યું પરંતુ શ્રીઠાકોરજીની સેવાનું સ્વરૂપ ન બતાવ્યું તે કેમ ? આવી જ્યારે શંકા કોઈક ને થાય, ત્યારે શ્રીગુસાંઈજી તેવાઓને નિરૂત્તર કરવા હવે આગળનું નામ પ્રગટ કરે છે. આપશ્રી ત્યાં આજ્ઞા કરે છે કે તે તો કેવળ વાણી દ્વારા ન બતાવી શકાય. તેથી જ આપ શ્રીઠાકોરજીની સેવા દ્વારા સેવકોને શીખવડે છે, જે ગોપાલદાસજી વલ્લભભાખ્યાનના સાતમા આખ્યાનમાં પ્રતમ પંક્તિમાં ગાય છે કે : ***આપ સેવા કરી શીખવે શ્રીહરિ, ભક્તિ પક્ષ વૈભવ સુદૃઢ કીધો। આપની લીલા તે વદન પોતે કહી, ઉચ્ચાર આનન્દ તે અધિક દીધો ।। ૧ ।।*** અને તે દર્શાવવા શ્રીગુસાંઈજી શ્રીમહાપ્રભુજીનું અલૌકિક પચ્ચીસમું નામ પ્રગટ કરે છે **जन-शिक्षाकृते कृष्ण-भक्तिकृन्**[૨૫].

वैश्वानरो[२१] वल्लभाख्यः[२२] सद्रूपो[२३] हितकृत्-सताम्[२४] ।।
जन-शिक्षाकृते कृष्ण-भक्तिकृन्[२५] निखिलेष्टदः[२६] ।। १२ ।।

ભાવાર્થ :- [૨૧]શ્રીમહાપ્રભુજી આપ વૈશ્વાનર (અલૌકિક અગ્નિરૂપ) છો, [૨૨]ભક્તોને પ્રિય છો, [૨૩]સત્ અર્થાત્ સુંદર સ્વરૂપવાળા છો, [૨૪]સર્વે ભક્તોના હિત કરવાવાળા છો, [૨૫]આપ સ્વયં સેવા કરી જન શિક્ષાર્થે શ્રીકૃષ્ણની ભક્તિ કરે છે, [૨૬]સકલ ઈષ્ટ-વાંછિત દેવાવાળા છે.

जन-शिक्षाकृते कृष्ण-भक्तिकृन्[२५]:- આપશ્રી (શ્રીમહાપ્રભુજી) [२५]સ્વયં સેવા કરી જન શિક્ષાર્થે શ્રીકૃષ્ણની ભક્તિ કરે છે.

રાગ : ભૈરવ

જનશિક્ષાકૃતે કૃષ્ણભક્તિકૃદ્ ગુન ગાઈયે ।
સાધનતૈં અતિ દુર્લભ સો સહજ હી પાઈયે ।। ૧ ।।
યા સમાન ઔર કછુ અબલૌં હમ સુન્યો નાહિ
શ્રીવલ્લભ બિના કોઉ અભય દાન દીનોં ।।
તાતૈં સબ સાધન તજિ સરનાગત હોઈ રહોં
હરિવદનાનલ શ્રીવલ્લભ સબૈ ગુન પ્રબીનો ।। ૨ ।।
રાસરસિક લીલામૃત ઉદધિ નિસિવાસર
રસ:પ્રિય શ્રીવલ્લભવર રહત હૈ રસભીનોં ।।
કહત 'ગોવિન્દ' ઔર સબ સાધન તજિ ચરન ભજૌ
સો તો સજ્ઞાન જાને એહી લૂટિ લીનોં ।। ૩ ।।

શ્રીમહાપ્રભુજી, આપશ્રી સ્વયં સેવા કરી જન શિક્ષાર્થે શ્રીકૃષ્ણની ભક્તિ કરવાવાળા **जन-शिक्षाकृते कृष्ण-भक्तिकृन्** છો.

મૂળ ટીકાનો ભાવાર્થ :- જો કે પહેલાં કહેલાં પોતાનાં નામોથી પોતાનાં ભક્તોને પોતાનું સ્વરૂપ અને પોતાના માર્ગનું ફલ જણાવ્યાં, (છતાં) પોતાના માર્ગનો ભગવાનનું ભજન કરવાનો પ્રકાર જણાવ્યો નથી. તે તો માત્ર વાણીથી જાણી (જણાવી) શકાય તેવો નહિ હોવાથી, તેમને ભજનના પ્રકારનો બોધ કરવા (શ્રીઆચાર્યજી) પોતે ભજન કરે છે, એમ જણાવવા આ '**जन-शिक्षाकृते कृष्ण-भक्तिकृन्**' એ (નામ) કહે છે. 'જન' એટલે સેવકો, તેમને 'શિક્ષા' બોધ, 'કૃતે' તે પ્રયોજનથી 'કૃષ્ણ' સદાનંદ ફલરૂપ શ્રીકૃષ્ણની 'ભક્તિ' ભજન, તે 'કૃત્' કરનારા (આચાર્યશ્રી) છે, એવો અર્થ છે. ભજનના પ્રકારો પુરાણ તથા શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે જ, તેમની દ્વારા પોતાના (સેવકો) ને બોધ પ્રાપ્ત થાય તેમ હોવા છતાં પણ બોધ કરવા જે પોતે ભજન કરનારા છે એમ કહ્યું તેનો આશય નીચે પ્રમાણે છે.

જોકે પુરાણ શાસ્ત્રોમાં ભજનના પ્રકારો છે, પરંતુ તે ભક્તિમાર્ગના નથી. પૂજામાર્ગના હોવાથી પુરુષોત્તમના સંબંધના નથી, પરંતુ તેમની વિભૂતિમાં પરિણમનારા છે, કારણકે તેમાં જણાવેલા ગોપાલમંત્ર વિગેરેના દેવતાઓ મંત્રને અધીન છે. 'મને સાંખ્યનું બંધન નથી' વગેરે વચનોથી પુરુષોત્તમ તો સર્વને (કોઈને) અધીન નથી એમ કહીને માત્ર ભક્તિને અધીન હોવાનું કહેલું હોવાથી, (બેમાં) ભેદ સ્પષ્ટ છે. તેથી તે (પુરાણ તથા શાસ્ત્રો)માં કહેલો પ્રકાર ભક્તિમાર્ગનો નથી, એમ જણાવવા 'કૃષ્ણભક્તિકૃત્' એ (નામ) કહેલું છે. જો પોતાના (સેવકો)ને પોતાના માર્ગના ભજનનો પ્રકાર પોતે કરીને શીખવે નહિ, તો પોતાના માર્ગના ભજનના પ્રકારનું જ્ઞાન ન હોવાથી પોતાના (સેવકો) પણ બીજા પ્રકારથી ભજન કરે, તેથી તેમણે કરેલું ભજન ભક્તિમાર્ગનું જ ન થાય.

તેથી '**जन-शिक्षाकृते कृष्ण-भक्तिकृन्**' એ (નામ) કહેલું છે. પોતે (ભજન) કરે છે એમ કહે છે, તેથી પોતાના માર્ગમાં ભગવાનનું ભજન જ પુરુષાર્થ છે, બીજું કોઈ નથી, એમ જણાવવા '**जन-शिक्षाकृते कृष्ण-भक्तिकृन्**' એ (નામ) કહ્યું છે. પૂજામાર્ગમાં પૂજા કરવા યોગ્ય દેવતા પુરુષોત્તમની વિભૂતિ હોવાથી અને ભક્તિમાર્ગમાં ભજન કરવા યોગ્ય પુરુષોત્તમ હોવાથી, પૂજામાર્ગ અને ભક્તિમાર્ગના ફલનો ભેદ પણ આથી કહેવાયો. તેથી હવે કાંઈ વધારે કહેવાનું ન

હોવાથી સર્વ બરાબર છે. 'કૃષ્ણ' શબ્દ ફલ જણાવનાર હોવાથી, આ માર્ગનું ભજન ફલરૂપ જ છે, પરંતુ બીજા માર્ગના ભજનની જેમ સાધનરૂપ નથી એમ પણ જણાવ્યું. જોકે 'ભક્તિકૃત્' (નામ) એમ જણાવવા કહેલું છે કે સ્નેહ પ્રયાસથી થઇ શકે તેવો નહિ હોવાથી, અને અહિં ભક્તિ પ્રયાસથી થાય તેવી જણાવી હોવાથી, (અહિં) 'ભક્તિ'નો અર્થ ભજન જ છે, સ્નેહ નથી.

સરળ સમજૂતિ :- આપ સેવા કરી શિખવે શ્રીહરિ, ભક્તિ પક્ષ વૈભવ સુદ્દઢ કીધો (વલ્લભાખ્યાન ૭). સ્વકીયજનોને ભક્તિના સાધનો બતાવવા માટે શ્રીઆચાર્યજી સ્વયં ભક્તિનું આધિદૈવિક સ્વરૂફ હોવા છતાં સાધનોનું આચરણ કરે છે, કારણકે ભક્તિ વિના જીવોનું સ્થાયી હિત બની ન શકે, અને તથી જે રીતે ભક્તિ દ્દઢ થાય તેવી શિક્ષા આપે છે. પુષ્ટિમાર્ગીય ભક્તોને વ્રજસીમન્તિનીઓની સ્નેહમયિ ભક્તિ સરળતાથી પ્રાપ્ત બને એટલા માટે ભક્તિમાર્ગીય સેવાક્રમના સાધનો આપ કરો છો, અને તે દ્વારા નિજજનોને શીખવાડે છે.

દામોદરદાસ સંભાલવાળાને કનોજમાં તેમને ઘેર રહી આપશ્રીએ શ્રી....જીની સેવા સ્વયં કરી સેવાની રીત શીખવાડી.

શ્રીમહાપ્રભુજી, આપશ્રી [૨૫]સ્વયં સેવા કરી જન શિક્ષાર્થે શ્રીકૃષ્ણની ભક્તિ કરવાવાળા **जन-शिक्षाकृते कृष्ण-भक्तिकृन्**[૨૫] છો.

ક્રમશઃ

સંયોજનઃ- જિન શ્રીવલ્લભરૂપ ન જાન્યો, શ્રીગોકુલેશ વાકસુધામાંથી સાભાર

શ્રીગોકુલનાથજીકે ચોબિસ વચનામૃત

૫. વૈષ્ણવનું કર્તવ્ય.

અબ ઓરહુ શ્રીગોકુલનાથજી કલ્યાણ ભટ્ટ પ્રતિ આજ્ઞા કરત હે- પાંચમો લક્ષણ કહેત હે જો, વૈષ્ણવ હોય કે શ્રીભગવાનકો આશ્રય હિતકારી જાને, ઓર ભગવત્સેવા વિષે એકાગ્ર અપને ચિત્તકો રાખે, પરમ ફલ રૂપ જાને. લૌકિક વૈદિકમેં મનકી ચંચલતા ન રાખે. શ્રીજીકો સ્વરૂપ શ્રીભાગવતમેં તથા પુષ્ટિમાર્ગીય ગ્રંથમેં લિખ્યો હે તિનકો દર્શન કરીકે હૃદયમેં ધ્યાન રાખે. જેસે ભગવન્નામ સ્મરણ કરે તેસે હી અપને (શ્રી)ગુરુ કે નામકો હૃદયમેં સ્મરણ-જપ કરે. ઓર ભગવદ્ કટાક્ષ, શ્રીઅંગ, વસ્ત્ર, આભરણમેં અપનો મન લગાયકે ચિંતન કરે. ભગવન્નામ વિના જે છિન (ક્ષણ) જાય તો હૃદય ભીતરતે ઉચ્છશ્વાસ લે કે દુઃખ કરે, ઓર દેહમેં આસુરાવેશ હોય આવે તબ અપરસમેં સ્નાન કરી ચરણામૃત તથા શ્રીયમુનાજીકી રેણુ મુખમાં મેલિ દોઉ નેત્રનસો લગાવે, માથે ધરિ હૃદયસો લગાવે તો અલૌકિક દૃષ્ટિ હોય તબ ભગવદ્ ધર્મ હૃદયમેં આવે, માથે બિરાજે. શુદ્ધ હૃદયમેં શ્રીપ્રભુજી પધારે.

ભગવદ્ મંદિરમેં છોટી મોટી ભગવત્સેવા અપને ભાગ્ય માનીકે કરે. કાહુકી સેવામેં ઈર્ષા ન કરે. બુહારી કરીકે પોતના કરે. પાત્રાદિક માંજે ભયેમેં મંગલા ભોગ ધરે. સિજ્યા ફેરીકે બિછાવે-સમારે. મંગલા આરતિ કરી તિથિવાર

ઉત્સવ દેખીકે અભ્યંગ કરાવે. અપને મનમેં અપરાધકો ભય રાખે. સેવા-શ્રૃંગાર વિષે ચિત્તકો ઉદ્વેગ સંકલ્પ-વિકલ્પ ન કરનો. અપનો ભાગ્ય મહાપ્રભુકી કૃપાતે દુર્લભ જાનિકે કરે. મંગલા-પલના-રાજભોગ-ઉત્થાપન-સંધ્યા-શયન કરાય સાંકળ-તારો વસ્તુ સામગ્રીકી સંકલ્પતા ચોક્સી રાખે. પાછે રાત્રકો વૈષ્ણવનસો મિલિકે ભગવદ્ વાર્તા કીર્તન અવશ્ય કરનો. કોઈ વૈષ્ણવ ન મિલે તો આપુહી પોથી ટીકા એતન્માર્ગીય ગ્રંથ દેખે. વૈષ્ણવ મંડલીમેં આપુ જાય કે વાર્તા કહે અથવા સુને. જેસે સેવામાં આળસ ન કરે તેસે વૈષ્ણવ મિલાપમેં આલસ જ કરે. દોઉ હોય તબ ભક્તિ બઢે ભગવદ્ સેવા ન બને તોઉ વૈષ્ણવ સંગ કરે. વૈષ્ણવ સંગ છોડે તો દૈન્યતા (કંગાલપણું, બીકણપણું) હોય. વૈષ્ણવ સંગ ન છોડે તો દીનગા હોય. યા પ્રકાર શ્રીગોકુલનાથજી શ્રીમુખસો આજ્ઞા કરે. ઈતિ પાંચમો પ્રસંગ. ૫

।। ઈતિ શ્રીગોકુલનાથજી કૃત પાંચમો વચનામૃત સંપૂર્ણમ્ ।।

શ્રીધોલ પદ

શ્રીગોકુલ સાસરિયે જાવું

શ્રીગોકુલ સાસરિયે જાવું, આણું તો મોહનવરનું આવ્યું,
લખ્યું શ્રીહસ્તતણું ભાવ્યું. શ્રીગોકુલ. ૧.
જાવું છે લટકે ને મટકે, મોહનવર જોઈ જોઈ મન અટકે;
પાયે નેપૂરિયાં ઠમકે. શ્રીગોકુલ. ૨.
આભરણ પહેર્યાં છે અંગે, સખીજન શોભે છે સંગે;
મોહનવર જોઈ જોઈ મન રંગે. શ્રીગોકુલ. ૩.
વાટલડી તો જોવે છે વહાલો, સખી વેગે વહેલેરાં ચાલો;
નયણાં ભરી પ્રીતમજી નિહાળો. શ્રીગોકુલ. ૪.
સાસરિયું મને વહાલેરૂં લાગે, ત્યાં મારી કામ વાસના ભાગે;
મોહનવર જોઈ જોઈ રઢ લાગે. શ્રીગોકુલ. ૫.
સખી મહારે આ અવસર રૂડો, અવિચલ અખંડ પહેર્યો ચૂડો;
માહારે શ્રીગોકુલપતિ વર રૂડો. શ્રીગોકુલ. ૬.
અદ્‌ભૂત લહેર તરંગ ભારી, શ્રીયમુનાજલ ભરવી છે ઝારી;
મોહન પર સર્વસ દઉં વારી. શ્રીગોકુલ. ૭.
શ્રીવલ્લભ નામ સદા રટવું, નિત્ય સુજાતિમાં રહેવું;
સદા શ્રીચરણકમલ સેવું. શ્રીગોકુલ. ૮.

સ્વરૂપનિષ્ઠા

સર્વદા સેવ્ય ચતુર્થકુમાર શ્રીગોકુલેશપ્રભુચરણના અંતરંગ ભગવદીયો

રૂપણભાઇ

આ રૂપણભાઇ ખિરાલાપુર ગામના વતની હતા અને જ્ઞાતિએ ક્ષત્રિય હતા. સદા શ્રીગોકુલેશ પ્રભુના શ્રીચરણારવિંદમાં જ આસક્ત રહેતા હતા.

જ્યારે રૂપણભાઈના ગામમાંથી કોઇ વૈષ્ણવ શ્રીગોકુલ આવતા ત્યારે શ્રીગોકુલેશ પ્રભુ રૂપણભાઈના કુશળ સમાચાર પૂછતા અને શ્રીમુખે પ્રશંસા કરતા.

આ રૂપણભાઇ શ્રીગોકુલેશ પ્રભુના દર્શનની આર્તિ અતિ તીવ્ર બનતાં, વતન ત્યજી શ્રીમદ્ ગોકુલ શ્રીગોકુલેશ પ્રભુ નિકટ આવીને રહ્યા હતા. હાસ્ય પ્રસંગો કહેવામાં કુશળ હતા અને શ્રીપ્રાણપ્રિયને સમય સમયે હાસ્ય પ્રસંગોથી રીઝવતા હતા. વળી તેઓ કાને ઓછું સાંભળતા હતા. એટલે શ્રીગોકુલેશ પ્રભુ તેમની સામું જોઇ સંકેત કરી, ઊંચા સ્વરે વાર્તાલાપ કરતા હતા.

એક સમય શ્રીગોકુલેશ પ્રભુ સંધ્યાવંદન કરવા બિરાજ્યા હતા. ત્યાં રૂપણભાઇ આવ્યા. તે વખતે શ્રીગોકુલેશ પ્રભુની પાસે દામોદરદાસ પણ હતા. ત્યારે રૂપણભાઈએ દામોદરદાસને કહ્યું: 'તમે મારા વતી શ્રીગોકુલેશ પ્રભુને વિનંતિ કરો કે આપશ્રી શ્રીકંઠની પ્રસાદી તુલસીની માળાજી મને આપો.' આથી દામોદરદાસે વિનંતિ કરતાં કૃપાસિંધુ શ્રીગોકુલેશ પ્રભુએ સ્વહસ્તથી શ્રીકંઠમાંની પ્રસાદી તુલસીની માળા કાઢીને રૂપણભાઈને આપી. રૂપણભાઈએ દંડવત્ પ્રણામ કરીને એ માળાજી લીધાં. તે જ સમયે મોહનદાં મરધાઇ નામના એક વૈષ્ણવ તુલસીની માળાજીઓ લઇ પ્રભુ પાસે પ્રસાદી કરાવવા આવ્યા. શ્રીગોકુલેશ પ્રભુએ તેમાંથી બે માળાજી શ્રીકંઠમાં ધરી અને બાકીના માળાજી પ્રસાદી કરીને મોહનદાસને પાછા આપ્યાં. આ પ્રસંગે શ્રીગોકુલેશ પ્રભુએ શ્રીમુખથી વચનામૃત કહ્યાં કે 'સત્પાત્રને આપવાનું ફળ જોયું ? આપીએ તેનાથી બમણું મળે. એમ એક માળાજી રૂપણભાઇને આપી તો અમને બીજી બે માળાજી મળ્યાં.' શ્રીગોકુલેશ પ્રભુએ આવી અસાધારણ કૃપા રૂપણભાઇ ઉપર કરી હતી.

રૂપણભાઇ શ્રીગોકુલેશ પ્રભુના કૃપાપાત્ર અંતરંગ ભગવદીય હતા. તેમના ભાગ્યની અને ભાવની શ્રીગોકુલેશ પ્રભુ સદા સરાહના કરતા અને તેમના ઉપર અતિ પ્રસન્ન રહેતા હતા.

સંયોજન:- સ્વરૂપનિષ્ઠા પુસ્તક, પ્રકાશક ભાઇલાલભાઇ શેઠ.

પુષ્ટિમાર્ગીય શિક્ષા

ગોધરા નિવાસી મોટાભાઇ (વજેરામભાઇ) વિરચિત

...ગતાંકથી આગળ

નિગમાગમનું તત્ત્વ છે, સાર તણો એ સાર;

નિશ્ચિત સૌ નિર્ણય તણો, અતિશય ગૂઢ વિચાર. ૩૯

મોટા છે તે દેવતા, બ્રહ્મા વિષ્ણુ મહેશ;

શક્તિ, સૂરજ, ગણપતિ, બીજા સકલ સુરેશ. ૪૦

એ છે રજ, તમ, સત્વથી, વળી જે હરિ-અવતાર;

મત્સ્યાદિક અંશ કે કલા, તે જાણો નિર્ધાર. ૪૧

એ વિભૂતિ છે કૃષ્ણાની, જે છે પૂર્ણ બ્રહ્મ;

કર્તા સઘળી સૃષ્ટિનો, જેને સમ ન વિષમ. ૪૨

પુરુષોત્તમ સાકાર પ્રભુ, શ્રીવલ્લભ આરાધ્ય;

પ્રેમ ભક્તિથી પામીએ, તે નહિ સાધન સાધ્ય. ૪૩

સકલ દેવના દેવ શ્રીકૃષ્ણ યશોદા નંદ;

વેદ નેતિ જેને કહે, પૂરણ પરમાનંદ. ૪૪

શ્રીમહાપ્રભુજી દ્વારા પ્રગટિત આ માર્ગનો આ બધો સિદ્ધાંત વેદ, શાસ્ત્રોના નિષ્કર્ષરૂપ છે, સારનો સાર છે, ઘણી ગૂઢ વિચારણાઓ પછી કરેલો નિર્ણયોનો પણ નિર્ણય છે. મોટા ગણાતા બ્રહ્મા, વિષ્ણો, મહેશ પણ નિર્ગુણ નથી. બ્રહ્મ સત્વગુણથી, વિષ્ણુ રજોગુણથી અને મહેશ (શિવ) તમોગુણથી છે. એ જ પ્રમાણે શક્તિ, સૂર્ય, ગણપતિ, અને ભિજા દેવોનું પણ એમ જ સમજવું. વળી ચોવીસ અવતારો પણ એમ જ છે. પુષ્ટિ પૂર્ણાવતાર તો કેવલ શ્રીકૃષ્ણ જ છે. બીજા તો અંશ, કલા, વિભૂતિ કે આવેશ અવતારો છે. જેમ શાસ્ત્રમાં જેમ દુર્ગા, ગણપતિ, વગેરે દેવતાોની ઉપાસના લખી છે, તથા બ્રહ્મના સમાન જગતની ઉત્પત્તિ, રક્ષા-સંહાર કરવાના સામર્થ્ય વાળા વર્ણવ્યા છે, તે પૂર્ણ ક્રિયા-જ્ઞાન શક્તિયુક્ત જે મૂલરૂપ પરબ્રહ્મ શ્રીકૃષ્ણ જેમનું શ્રીભાગવતમાં વર્ણન છે, તેમનું માહાત્મ્ય ઉપાસકને વાંછિત ફલ આપનારું છે, અને માહાત્મ્યજ્ઞાન દ્વારા મૂલરૂપ શ્રીકૃષ્ણની ભક્તિને વધારનારી છે, તેથી ભગવાને સ્વયં દુર્ગા, ગણપતિ વગેરે અનેક સાધનરૂપ ધારણ કરે છે. એ વાત નક્કી સમજવી. ૩૯-૪૧

અને શ્રીકૃષ્ણ તો પૂર્ણ બ્રહ્મ છે. '**कृष्णस्तु भगवान् स्वयं**' શ્રીકૃષ્ણજ સ્વયં ભગવાન છે, એમ શ્રીભાગવતકાર કહે છે. સકલ ચરાચર સૃષ્ટિને રચનારા છે. એને કોઇ સમ વિષમ નથી. વેદમાં ગોપાલતાપની ઉપનિષદ્‌માં શ્રીકૃષ્ણને જ મૂલરૂપતા વર્ણવી છે અને બ્રહ્મવૈવર્તના બ્રહ્મખંડના દ્વિતીયાધ્યાયમાં ગોલોકની નિત્યતા વર્ણવી છે. આ ગોલોકમાં યોગીના ધ્યાનથી જ્યોતિરૂપ આવે છે, તેનું વર્ણન છે, યોગીઓને આપશ્રી (શ્રીકૃષ્ણ) સ્વરૂપ જ્યોતિરૂપ ભાસે છે. તે જ્યોતિ પ્રકૃતિથી પર નિત્ય, નિર્ગુણ શ્રીકૃષ્ણનો મેઘશ્યામસ્વરૂપ બિરાજે છે. તે સ્વરૂપ દ્વિ-ભુજ છે, કોટિકંદર્પ જેવો લાવણ્યમય છે, અને આજ સ્વરૂપથી બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, સાવિત્રી, ધર્મ, સરસ્વતી, દુર્ગા, આદિની ઉત્પત્તિ વર્ણવી છે. તેથી શ્રીમહાપ્રભુના માર્ગમાં તો કેવલ સાકાર પુરુષોત્તમ શ્રીગોપીજન વલ્લભજ સેવ્ય અને સ્મરણીય છે. તે તો કેવલ પ્રેમ ભક્તિથી જ પ્રાપ્ત થાય છે. બીજા દેવ-દેવીઓની જેમ, શ્રીકૃષ્ણને સાધનો કરીને મેળવી શકાતા નથી. દેવાધિદેવ શ્રીકૃષ્ણ નંદ-યશોદાના આત્મજ રૂપે પ્રગટ્યા છે. પૂર્ણ અવતાર છે. પરમાનંદ સ્વરૂપ છે. વેદ પણ જેના સ્વરૂપનો પાર પામી શક્તા નથી. ૪૨-૪૪

એવા પુરુષોત્તમ પ્રભુ, થયા પ્રગટ વ્રજ માંહી;
લીલા ઉપયોગી સકલ, દિવ્ય પદારથ ત્યાંહી. ૪૫
ગોપી ગોપ ગોસુત અને, કાલિન્દી ગિરિરાજ;
સકલ અલૌકિક રસભર્યાં, વ્રજપતિ લીલા કાજ. ૪૬
રસિકની શ્રીવૃષભાનુજા, રસિક શ્રીનંદકુમાર;
અપરિમિત રસ રૂપ છે, વ્રજનો સકલ વિહાર. ૪૭
તે જાણે શું જાણવું, તેમાં કહુ વિશેષ;
તિરોધઅન નવ જાણશો, એ લીલાનો લેશ. ૪૮
વ્રજની લીલા નિત્ય છે, નિત્ય છે લલિત વિલાસ;
વ્રજજન રાધા કૃષ્ણનો, અવિચલ વ્રજમાં વાસ. ૪૯

એવા પૂર્ણાનંદ પરબ્રહ્મ પુરુષોત્તમ વ્રજમાં શ્રીકૃષ્ણ સ્વરૂપે પ્રગટ થયા. એમની લીલામાં ઉપયોગી તમામ અલૌકિક પરિકર અને દિવ્ય પદાર્થો ત્યાં હતા જ. ગોપી-ગોપ, ગાયો, વાંછરડા, શ્રીયમુનાજી, અને શ્રીગિરિરાજજી - આ બધું અલૌકિક છે, રે ભરેલું છે. શ્રીવ્રજેશ પ્રભુની લીલા માટે જ છે. રસિકની રાધા અને રસિકવર શ્યામની જોડી રસ ભરી છે. વ્રજની સઘળી વિહાર લીલાઓ એવી રસ ભરી છે કે જેની સીમા નથી. જો આ લીલાનું જ્ઞાન થાય તો બીજું કંઇ જાણવાનું બાકી રહેતું જ નથી. (લીલા રસનો અનુભવ એ જ શ્રેષ્ઠ પુષ્ટિ ફલ છે) એવું ન સમજશો કે એ લીલાઓ તો સારશ્વત કલ્પમાં થઇ ગઇ. હવે એનો અનુભવ ક્યાંથી ? ભાવાત્મક રૂપે એ સર્વ લીલાઓ અત્યારે પણ થઇ રહી છે !

જેના પર પ્રભુ કૃપા કરે તેને એનાં સાક્ષાત્ દર્શન કરાવે છે. શ્રીરાધા-કૃષ્ણ અને વ્રજ ભક્તો વ્રજમાં અખંડ નિવાસ કરે છે. એમની લીલાઓ નિત્ય પ્રતિ ચાલુ છે. ૪૫-૪૯

શેઠ પુરુષોત્તમદાસજીની વાર્તામાં આવે છે કે જ્યારે શ્રીમહાપ્રભુજી કાશી બિરાજ્યાં હતા, ત્યારે જન્માષ્ટમીનો ઉત્સવ શેઠ પુરુષોત્તમદાસજીના ઘરે કર્યો હતો. ત્યાં આપશ્રીએ શેઠ પુરુષોત્તમદાસજીના ઘર આંગણમાં આવેલા કૂવામાંથી સમસ્ત વ્રજ-પરિકર જેમકે શ્રીનંદરાયજી, શ્રીયશોદા રાણીજી, શ્રીવ્રજસિમંતીઓ, વગેરે સર્વ ત્યાં પધાર્યાં અને જન્માષ્ટમી ઉત્સવ કર્યો.

નિત્ય યશુમતી વાત્સલ્ય ને, નિત્ય હરિ બાલવિનોદ;

નિત્ય વિહાર વિધ વિધ રમણ, વ્રજજન મન આમોદ. ૫૦

નિત્ય વ્રજ વધૂના ભાવથી, ચોરી માખણ ખાય;

નિત્ય વાંસળી વગાડતાં, વન વન ચારે ગાય. ૫૧

નિત્ય વૃન્દાવન રાસ નિત્ય, નાના વિધ શ્રૃંગાર;

વ્રજવનિતાના વૃંદમાં, નિત્ય પ્રતિવિવિધ વિહાર. ૫૨

અખંડ નિત્ય લીલા તણા, દર્શનનો અધિકાર;

હરિ આપે નિજ ભક્તને, તે જાણો નિર્ધાર. ૫૩

અવર આસુરી જીવ જે, તે નથી જાણવા જોગ;

કોઇએ દીઠો સાંભળ્યો, સુધા શ્વાનને ભોગ? ૫૪

શ્રીયશોદાજીનો વાત્સલ્ય પ્રેમ અને શ્રીબાલકૃષ્ણની બાલલીલાઓ આજે પણ યથાર્થ સ્વરૂપે પ્રગટ બિરાજે છે. વ્રજાંગનાઓને આનંદ આપનાર શ્રીવ્રજવિહારીનું રસાત્મક રમણ આજે પણ છે. વ્રજવધૂઓના પ્રેમને અધીન થઇને, એમના ઘરમાં માખણ ચોરી કરવા શ્રીનવનીતલાલ નિત્ય પધારે છે. શ્રીયશોદાજીના મોકલેલા ગોપાલ, નિત્ય વનમાં ગાયો ચરાવે છે. અને વાંસલડી વગાડે છે. એ વૃન્દાવન નિત્ય છે. વિવિધ શ્રૃંગારો ધરીને, શ્રૃંગાર રસાત્મક રસેશ, વ્રજ વનિતાઓ સાથે ત્યાં નિત્ય રાસ ખેલે છે. વિવિધ પ્રકારે વિહાર કરે છે. પોતાના અંતરંગ દૈવી જીવોને, પ્રભુ આવી અખંડ નિત્ય લીલાનાં દર્શન કરાવે છે, એ વાત પણ નક્કી જ છે, જે આપણે વાર્તા પ્રસંગથી જાણી શકીએ છીએ. બીજા આસુરી જીવોને આ લીલા રસામૃતનો સ્વાદ કદાડિ મળતો નથી. એ જીવો એને માટે અનધિકારી છે. શુધાનો સ્વાદ શ્વાનને મળેલો કદી સાંભળ્યો છે ખરો? ૫૦-૫૪

...ક્રમશ:

ગ્રંથકર્તા ગોધરાનિવાસી વજેરામભાઇ (મોટા ભાઇ)

મનપ્રબોધ

વ્યારાવાળા ગોપાલદાસભાઇ વિરચિત

...ગતાંકથી આગળ

હવે ગોપાલદાસભાઈને શ્રીગોકુલેશ પ્રભુના સ્વરૂપ રૂચી ગયો છે, તેનું પ્રતિપાદન આગળ કરી રહ્યાં છે, તે હવે આપણે આગળના કવિત્ત દ્વારા સમજીશું....

જાહીકો સ્વરૂપ રુચ્યો તાહીકોં ન રુચે આન,
આન રુચે તો તો એ સ્વરૂપ રુચ્યો નાહીયે;
પ્રથમ અનન્યતા, અનન્યતા તાહાં હે સ્નેહ,
સ્નેહ તહાં રસ એસી આવે મન માંહી એ;
જાનિકે વિલંબ કિત કરત કુબુદ્ધિ ક્રૂર,
શૂર વ્હે સ્વરૂપ દૃઢ કરિ અવગાહીયે;
ગોકુલકે નાથ નિજ હાથ દાન લીએ હે પૈ,
જીયકી જું ઔર સન્મુખતા તો ચાહીયે. ૬

આપણી અનન્યતા કેવી દૃઢ છે એ કેમ સમજી શકાય ? ત્યાં ભક્તિકવિ વર્ણન કરે છે કે જેને સર્વથી પર સર્વે રસના અધિષ્ઠાતા એવા સ્વરૂપમાં રૂચિ હોય અને અન્ય વિષયોમાં પણ રૂચિ થાય તો સ્વરૂપ નક્કી હજી દૃઢ નથી એમ નક્કી થાય. કૃપાનો જે રસ છે એ શુદ્ધ સ્નેહ વડે જ માણી શકાય છે. શુદ્ધ સ્નેહનું ચણતર અનન્યતાનાં મજબૂત પાયા પર રચાયેલી હોય છે. એટલે પ્રથમ એક સ્વરૂપમાં નિષ્ઠારૂપ અનન્યતા ત્યાં સ્નેહને ઉત્પન્ન થવાનો મજબૂત આધાર છે અને સ્નેહ પછી રસ પ્રાપ્ત કરવાની યોગ્યતા આવે છે એ વસ્તુ મનમાં ધારણ કરવી આવશ્યક છે. જેમ ભક્તિવર્ધિની ગ્રંથના પ્રથમ શ્લોકની ટીકામાં શ્રીગોકુલેશ પ્રભુ ભક્તિનો બીજભાવ દૃઢ કેમ થાય, તે શ્રીમહાપ્રભુજીના ગૂઢાર્થને સમજાવતા આજ્ઞા કરે છેઃ **अत्र बीजभावस्वरूपं [1]<u>शुद्धपुष्टिमार्गीयाचार्यानुग्रहपूर्वकं</u> [2]<u>स्वमार्गप्रकारकभगवन्निवेदनानन्तरं</u> [3]<u>भगवदङ्गीकार</u> एव बीजभावः। तस्य दाढर्यं निरन्तरं तद् <u>एकपरतया</u> तन्मार्गस्थितिः। तु शब्देन मार्गान्तरीयसाधनव्युदासः।** કેટલી સુંદર આજ્ઞા શ્રીગોકુલેશ પ્રભુચરણ અત્રે કરી રહ્યાં છે કે બીજભાવનું સ્વરૂપ કેવું છે ? તો ત્યાં આપશ્રી ત્રણ લક્ષણ પ્રગટ કરે છે. આપશ્રી આજ્ઞા કરે છે કે પ્રથમ તો તે જે જીવ આ માર્ગમાં આવ્યો છે, તેને માટે તો આ જરૂરી છે કે તે [1]શુદ્ધ-પુષ્ટિમાર્ગીય આચાર્ય(શ્રીમહાપ્રભુજી)ના અનુગ્રહ દ્વારા, [2]સ્વમાર્ગના (શ્રીમહાપ્રભુજીના માર્ગના) પ્રકાર દ્વારા ભગવન્ નિવેદન કર્યા બાદ, [3]ભગવાન જો અંગીકાર કરે ત્યારે તે બીજભાવ કહેવાય. કેટલી સુંદર આજ્ઞા આપણને પ્રાપ્ત થાય છે. બીજભાવ દૃઢ કરવો છે. બીજભાવના સ્વરૂપને સમજવા કરવા માટે આટલા લક્ષણો આવશ્યક છે. પણ દૃઢ કેવી રીતે કરવો ?

ત્યાં શ્રીગોકુલેશ પ્રભુચરણ આપણને સુંદર આજ્ઞા પ્રદાન કરે છે કે આપણે આ માર્ગમાં સ્થિર સ્થિતિ પામવી હોય અને બીજભાવને વૃદ્ધિની સાથે દૃઢ કરવો હોય તો પછી આપણે **<u>एकपरतया</u>** થઇ રહેવું જોઇએ. જેને શરણે ગયા, તેનું કેવળ

એક માત્ર શરણ સ્વીકારવું જોઈએ, અન્યનો નિરાસ થાય છે.....શ્રીગોકુલેશ પ્રભુ આજ્ઞા કરે છે કે **તન્માર્ગસ્થિતિઃ** શ્રીમહાપ્રભુજીના માર્ગમાં સ્થિતિ પામવી હોય તો નિરંતર એક જ શરણ સ્વીકારવું. અન્ય માર્ગ-શરણ-સાધનનો નિરાસ બતાવવામાં આવ્યો છે. જે આ ભક્ત કવિ ખૂબજ સુંદર રીતે સમજાવી રહ્યાં છે કે એક સ્વરૂપમાં નિષ્ઠારૂફ અનન્યતા ત્યાં સ્નેહને ઉત્પન્ન થવાનો મજબૂત આધાર છે.

આ બધું જાણ્યા છતાં ઉત્તમ અધિકાર પ્રાપ્ત થયા પછી હે કુબુદ્ધિવાળા કઠોર મન! હવે વિલંબ શા માટે કરી રહ્યું છે? જેનું સર્વ શક્તિમાન પ્રભુ દ્વારા વરણ થયેલું છે, તેણે તો કાયરતા છોડીને શૂરવીરની જેમ એ સ્વરૂફનું દઢતાથી અવગાહન કરવું જોઈએ. આ અતુલ રસના અધિકારી સ્વકીય ભક્તને દાન આપવા શ્રીગોકુલેશ પ્રભુ સદા તત્પર રહે છે. તારી સન્મુખતા ન હોય તો પછી આવું અલૌકિક દાન કઇ રીતે પ્રાપ્ત થઅય એ જ જીવની કુબુદ્ધિ અને જડતા યા કઠોરતા છે કે પ્રભુ સ્વેચ્છાથી ઉત્તમ માર્ગમાં વરણ કરે છે. છતાં સન્મુખ થવાની વૃત્તિ પણ નથી. આ પ્રમાણે કહીને આગળ કહે છે કે :

ફલકી અપેક્ષા તૂ કરત પ્રાણવલ્લભકી,
સો તો આપ કહ્યો સન્મુખ હોયે દીજીયે;
પૈ વા સન્મુખતાકો સ્વરૂપ જાન્યો જાત નાહિ,
કૌન ભાંતિ કૈસે પ્રાણ સન્મુખ કીજીએ;
સ્વરૂપ દર્શનલૌ અયોગ્ય અંતરાય સબ,
ગુનગાન આન લીલામેં કહા લીજીયે;
ઇન્દ્રિય સકલકો વિલાસ એ સ્વરૂપમાં જ,
આરતસોં સન્મુખ ભયે દાન લીજીયે. ૭

પોતાના મનને સંબોધન કરીને ગોપાલદાસભાઇ વ્યારાવાળા કહે છે કે, ફલની (અલૌકિક) અપેક્ષા તો તું કરે છે છતાં સન્મુખ કેમ નથી થવું? સન્મુખ થતાં જ વિના યાચના કર્યે ફલની પ્રાપ્તિ થવાની છે. ત્યારે પ્રશ્ન થાય કે સન્મુખ થઈએ છીએ છતાં ફલની અનુભૂતિ થતી નથી. તો કહે છે કે સન્મુખતા કોને કહેવાય? એ સ્વરૂપનું જ્ઞાન ન હોય તો કેવલ દેહ ન સન્મુખ થાય. અહીં તો પોતાના અત્યંત પ્રિય એવો પ્રાણ સન્મુખ કઇ રીતે થાય, તેથી સન્મુખતાના સ્વરૂપના અજ્ઞાનને કારણે આપનાં દર્શન કરવાની યોગ્યતા પણ નથી. આ રીતે પ્રાણ ન્યોછાવર કરવાની તૈયારી પૂર્વકની સન્મુખતા ન હોય ત્યાં સુધી ગુણગાન તથા લીલાનું અવગાહન પણ આ અંતરાયને દૂર નથી કરી શકતું. જ્યારથી પ્રભુએ પોતાનો બનાવ્યો ત્યારથી જ સર્વે ઇન્દ્રિયોનો નિવાસ એ સ્વરૂપ રસનાં અનુભવમાં છે. સન્મુખતા આરત સહિતની હોય, એવી સન્મુખતા અપેક્ષિત છે. સન્મુખ થયાં ત્યારે હૃદયમાં એ સ્વરૂપ રસ પાન કરવાની અથાહ તરસ વિકલતા હોય એ જ સન્મુખતા સાચી છે. આ રીતે આરતી પૂર્વક, તત્પરતા પૂર્વક સન્મુખ થઇ કૃપાનંદની યાચનાનું પ્રતિપાદન કર્યું છે.

...ક્રમશઃ

ગ્રંથકર્તા વ્યારાવાળા ગોપાલદાસભાઇજી, સંયોજન-વિવેચનકર્તા ગો.શ્રીરસિકરાયજી (રાજકોટ).

||હરિદાસનાથભાઇ કૃત શ્રીરુચિરાષ્ટકમ્||

મહાનુભાવ ભક્ત-કવિઓ દ્વારા રચિત, સર્વદા સેવ્ય દાદાજી શ્રીગોકુલેશ પ્રભુચરણોના સ્વરૂપ-મહાત્મ્ય વિષયક જે સાહિત્ય હાલમાં ઉપલબ્ધ છે, તે સાહિત્ય પ્રાચીન લેખીયાઓ (હસ્તલિખિત ગ્રન્થ લખનારાઓ) દ્વારા લખેલ ગદ્ય અને પદ્યના સ્વરૂપમાં પ્રાપ્ત થાય છે. તે સાહિત્યમાંથી અમુક સ્તોત્ર વિગેરે સંસ્કૃત ભાષા વિજ્ઞાન-છન્દશાસ્ત્રના નિયમોના આધારે નિબદ્ધ થયેલ નથી. પાઠક-મિત્રોને નોંધ લેવી કે એવો અનુમાન છે કે સ્તોત્રમાં ભાષા સમ્બન્ધી ત્રુટિ પ્રાચીન લેખિયોઓની હોઇ શકે...સ્તોત્ર રચનાકાર મહાનુભાવ ભક્તિ કવિઓની નહી!

प्रभुवक्त्रं रुचिरं केशं रुचिरं तिलकं रुचिरं चलनं रुचिरम् ।

रुचिराधिपतेः सकलं रुचिरम्।। १ ।।

द्विजवर्णं रुचिरं कर्णं रुचिरं कुण्डलं रुचिरं मण्डलं रुचिरम् । रुचिरा.. ।। २ ।।

गलस्थलं रुचिरं भ्रूचलं रुचिरं नासिका रुचिरा सुवासो रुचिरः। रुचिरा.. ।। ३ ।।

नयनं रुचिरं शयनं रुचिरं दानत्वं रुचिरं मानत्वं रुचिरम् । रुचिरा.. ।। ४ ।।

मुखं तु रुचिरं अमलं रुचिरं अधरं रुचिरं मधुरं रुचिरम् । रुचिरा.. ।। ५ ।।

सुदंतं रुचिरं पंक्ति रुचिरा रेखा रुचिरा अभिषेकं रुचिरम् । रुचिरा.. ।। ६ ।।

वचनं रुचिरं रचनं रुचिरं मधुरास्यं रुचिरं श्वासं रुचिरम् । रुचिरा.. ।। ७ ।।

स्थूलग्रीवा रुचिरा सेवा रुचिरा सुमाला रुचिरा रक्षणं रुचिरम् । रुचिरा.. ।। ८ ।।

करद्वयं रुचिरं कुचद्वयं रुचिरं हृदयं रुचिरं नाभी रुचिरा । रुचिरा.. ।। ९ ।।

कटितटं रुचिरं पुष्टं रुचिरं वसनं रुचिरं रसनं रुचिरम् । रुचिरा.. ।। १० ।।

त्रिवली रुचिरा जघनं रुचिरं सघनं रुचिरं चलनं रुचिरम् । रुचिरा.. ।। ११ ।।

चरणं रुचिरं वरणं रुचिरं भरणं रुचिरं करणं रुचिरम् ।

हरिदासमये सकलं रुचिरम् ।। रुचिराधिपतेः सकलं रुचिरम् ।। १२ ।।

।। इति हरिदासनाथभाइविरचितं श्रीरुचिराष्टकं संपूर्णम् ।।

જૈ જૈ શ્રીગોકુલેશ

વ્હાલા લાગો છો ઘણુ વ્હાલા

વ્હાલા લાગો છો ઘણુ વ્હાલા, વલ્લભલાલ વ્હાલા લાગો છો;

કેશરીયા ધોતી મારા પ્રભુજીને સોહીયેરે, છુટા મેલ્યા છે વ્હાલે કેશ...વલ્લભ

કેસરી ઉપરણો મારા વ્હાલાજીને સોહીયેરે, ચાલે લટકતી ચાલ...વલ્લભ

કેસરીયા પાઘ મારા પ્રભુજીને સોહીયેરે, મુખડા છે પુનમચંદ્ર ... વલ્લભ

વિઠ્ઠલનાથજીના લાલજ કહીએ, રાણી રૂક્ષમણીજીના જાયા...વલ્લભ

શોભા બેનીજીના વિરાજ કહીએ, પારવતી વહુજીના કંથ...વલ્લભ

કીકીમાં કામણ કીધું મારે વ્હાલે મારૂ મન હરીને લીધું...વલ્લભ

ભક્તને અર્થે વ્હાલે પ્રાગટ્ય કીધું, અનેક જીવને ઉધ્ધાર્યા...વલ્લભ

કર જોડીને કહે છે ગોપાળદાસ, રાખો ચરણની પાસ...વલ્લભ


કવિત્ત

પ્રથમ હિલગનકી ડોરિ જોરી વલ્લભ સોં,
નીકે અરૂઝાયે આછે પાછેં સબ કરિયે;
તન મન પ્રાણ વચ ક્રમ ભાવાધીન કરિ,
રસહીમેં સાનિકે રસીલે આગે ધરિયે;
ઈન્દ્રિય સકલકો નિરોધ કેં પ્રબોધ કરિ,
પ્રણય સહિત ઉનહીમેં અનુસરીયે;
સ્વરૂપહીમેં રતિ અરૂ રતિહું સ્વરૂપહી સોં,
યા મેં રસબસ હોય આન પરહરિયે. ૩૦

શ્રીગોકુલનાથકી જય

|| ShriGokulesho Jayati ||

ShriGokulnathji



(Life & Works)

From this episode let us try to know few things of ShriGokulnathji's contribution to Suddhadvaita Vedants. The term Suddhadvaita Vedanta is understood here in its wider sense, a School of Philosophy and Religion, particularly The Pushtimarga. Here we will try to get the most authentic matters & materials regarding the topic. One thing we should keep in mind that when we are going through the life sketch and works, then few words like Bhashya, Tika, Vivrutti, Vivarna, Vyakhya, etc have some technical sense, but it appears that the writers of Vallabha Sampradaya have not been scrupulous in using these words. We will be reading in English in this article as Tract and Commentary (or tika) for all such synonyms. First we start with Mangalacharana: -

ShriGokulnath charanan mein, Shish sada naman hai;

Yehi swaroop ko jeev chahe, Jo nijjan varan padhar hai. 1

ShriGokulesh hi yaha swaroop, jo hai adi aru ant Anoop;

ShriGokul mein raajat sada, ShriBaithak sada Anuroop. 2

Jin dwara yaha swaroop khoju, jo swaroop kare VrajVaas;

Dasgopal ke ShriRai prabhu, jako Puraan kare Prakaas. 3

Suddhadvaita Philosophy has made a great impact on Sanatan Religion since 16th century A.D. We find many followers from different parts of the country, particularly in Gujarat, Rajasthan and Western U.P. In Gujarat, the term Vaishnava is widely used in means of followers of ShriVallabhacharya, viz. Pushtimarga. We will be talking of Chaturthkumar ShriGokulnathji, one of the Grandson of ShriVallabhacharya, who was instrumental in the spread and strengthening of this religious sect, which believes in the Doctrine of Grace; and He is one of the important Commentrator of Suddhadvaita Philosophy, the Pushtimarga. Today most of His works are published with Gujarati translations, but some of His works are still unpublished. But still, let us go on an outline of origin and development of Vedanta and Suddhadvaita Brahmavada of ShriVallabhacharya.

There are many religious sects and faiths in our Sanatana Religion, Suddhadvaita Brahmavada is one of them. It is propounded by ShriVallabhacharya - Growth of Vedantas. Earliest attempts of the quest of Truth are noticed in the Vedas. Two lines of thought are seen : Karma-Kands, and Gyan-Kands. There is no system in the Upanishads. Next comes the Sutras Period and then the Bhasya Period. Different Aacharyas and their doctrines are mentioned. The term Suddhadvaita is explained. Its exponent is ShriVallabhacharya. ShriVitthalnathji (2nd son of ShriMahaprabhuji ShriVallabhacharya) and His works, became instrumental in the spread of Pushtimarga. The age of ShriVallabhacharya was full of political and social insecurity. The fact led to spread the depth of Devotion. Cult of Devotion (Bhakti) is noticed in old scriptures, but ShriVallabhacharyaji differed from it.

In our Sanatan Religion (viz. Hindus) there are a number of religious sects and faiths. They have their own philosophical and theological literatures. Suddhadvaita Brahmavada popularly known as Pushtimarga, is such a sect, having its own vast literature, mostly produced in 16th and 17th centuries, and a little of which is still been producd. Suddhadvaita Brahmavada is witnessed as a great spiritual awakening in our Sanatana Religion.

<u>Purans search of Truth in the Vedas</u> :-

The ultimate aim of human existence is to find out the root cause of Existence, to fathom the mystery of the gigantic phenomenon of this universe, and thereby to search for lasting happiness. What we are, we come and why we exist and what is our end - these are the eternal questions arising in human mind and search for the answers to these questions has not ended upto date. This search forms the subject of Philosophy and Religion.

The origin of Philosophy and Religion is shrouded in mystery. It is not known when man started to inquire into the mystery of the universe and human existence. But the latest studies in this field have about that the earliest attempts to solve the mystery are noted in the Vedas, the oldest Document, Religious as well as literary.

Man turns to the realm of thought, when his physical needs are satisfied. The Vedic seer, it is said, lived in the fertile region or Sapta-Sindhu and therefore, did not find any much difficulty in satisfying his physical needs. There was enough time for him to turn his eye towards the different universal phenomena. He observed the regular sunrise and sunset; he looked with wonder at the synopsy of the sky studded with star-jewels, and enjoyed the beauties of dawn. He heard the singing rivulets and the regular changes of the seasons. He noticed with interest the regular growth of grass and herbs even after destruction. At the same time, there was another experience too. There were at times, sweepying torrents of vain and devasting, floods, there were at times droughts of rain, all-consuming fall of lightening and destructive gales of wind.

.....courtsey :- From the old thesis work on ShriGokulnathji.

ShriGokulnath Ki Jai



વર્ષ ૩ અંક ૮ શ્રીરમા એકાદશી વ્રત
આસો વદ ૧૧, ૨૦૬૬



તાત તણો પ્રતિબિંબ રે રસના

શ્રીકન્હૈયા પ્રભુ કે વચનામૃત

એમ સમય આપ શ્રીગોકુલમેં બિરાજત હતે. તબ એક વૈષ્ણવ ચરણસ્પર્શ કરવેકું કેસરી ઉપરણા કીનારીદાર ઓઢકે આયે, તબ વાકુ આપને આજ્ઞા કીની જે તુમ કેસરી કીનારીદાર ઉપરણા ઓઢોગે તબ હમ કહા ઓઢેંગે ! એસી આજ્ઞા કરકે વૈષ્ણવનકૂં કેસરી કીનારીદાર ઉપરણા ઓઢવેકી મને કરી, જે આજ પાછે મત ઓઢીયો. ૧૨૩

